દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

# દૈનિક મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 248 ❖ શુક્રવાર : 18 એપ્રિલ 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com

**આજ નો સુવિચાર**

**જીવનમાં પ્રેમ અને સન્માન બે મુખ્ય ધરો છે.**

## સંક્ષિપ્ત સમાચાર

### પાર્ટી અધ્યક્ષની પસંદગીનો મુદ્દો ભાજપ માટે માથાનો દુઃખાવો બનતાં ખુદ પીએમ મોદી થયા 'એક્ટિવ'

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ થતાં હવે પીએમ મોદી ખુદ એક્ટિવ થયા છે. પીએમ મોદીએ પોતાના નિવાસસ્થાને અમિત શાહ, રાજનાથ સિંહ અને બીએલ સંતોષ સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી. આ નેતાઓએ ભાજપ અધ્યક્ષની ચૂંટણીની રાહમાં રાજકીય અવરોધ બનેલા ઉત્તરાખંડ, ગુજરાત અને કર્ણાટક સહિત લગભગ એક ડઝન રાજ્યોની સંગઠનાત્મક ચૂંટણીઓનો ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો. એવું માનવામાં આવી રહ્યું છે કે, આગામી 2-3 દિવસોમાં લગભગ 6 રાજ્યોના પ્રદેશ અધ્યક્ષઓની જાહેરાત થઈ શકે છે. આ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષના નામ ફાઈનલ થયા બાદ જ આગામી અઠવાડિયે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના નામ પર પણ મહોર લાગી જશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની હતી, પરંતુ અડધો એપ્રિલ વીતી ગયો હોવા છતાં આ ચૂંટણી ન થઈ શકી.

## મેરઠના સૌરભ જેવો હત્યાકાંડ, પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી પછી સાંપના કરડવાથી મોતનું કાવતરું ઘડ્યું



મેરઠનો સૌરભ હત્યાકાંડ હજુ તો વિસરાયો નથી ત્યાં તો શહેરમાંથી આવો જ એક બીજો હત્યાકાંડ સામે આવ્યો છે. મેરઠના અકબરપુર સાદાત ગામમાં એક મહિલાએ પોતાના પ્રેમીની મદદથી પોતાના જ પતિની હત્યા કરી અને પછી એવું નાટક રચ્યું જેનાથી લોકોને એવું જ લાગે કે તેનું મૃત્યુ સાંપના કરડવાથી થયું છે. હત્યા છુપાવવા માટે મૃતક અમિત કશ્યપના પલંગ નીચે સાંપ છોડી દેવામાં આવ્યો હતો. પહેલી નજરે તો પોલીસને એવું જ લાગ્યું કે, અમિતનું મૃત્યુ સાંપના કરડવાથી થયું છે, પરંતુ પરિવારને શરૂઆતથી જ કાવતરું ઘડાયું હોવાની શંકા હતી. તેમની વિનંતી પર અમિત કશ્યપનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું અને જ્યારે રિપોર્ટ આવ્યો, ત્યારે તેમાં સંપૂર્ણ સત્ય બહાર આવ્યું. હત્યા કર્યા પછી સાંપના કરડવાથી મોતનું કાવતરું ઘડ્યું .

## કોઈ હિન્દુ ટ્રસ્ટમાં મુસ્લિમને સદસ્ય બનાવશો? વક્ફ એક્ટ મુદ્દે સુનાવણી દરમિયાન SCનો સવાલ

વક્ફ કાયદામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સંશોધનો વિરૂદ્ધ કરવામાં આવેલી ફરિયાદો પર સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે પોતે વક્ફ કાયદામાં કેટલીક ખામીઓ હોવાનું કહી સ્પષ્ટતા માગી છે. જેના પર આ કાયદાનું નિર્માણ કરનારી જેપીસી (જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી)ના અધ્યક્ષ જગદંબિકા પાલે દાવો કર્યો છે કે, જો કાયદામાં એક પણ ખામી નીકળી, તો હું મારા સાંસદ પદ પરથી રાજીનામું આપી દઈશ. સુપ્રીમ કોર્ટે સળંગ બે દિવસ સુધી આ મામલે સુનાવણી હાથ ધરી હતી. જેમાં ઘણા આપત્તિજનક નિયમો ઘડાયા હોવાનું જણાવી કેન્દ્ર સરકાર પાસે સ્પષ્ટતા મગાવી છે. કેન્દ્ર સરકારે સાત દિવસની અંદર અમુક




સળગતા સવાલોનો જવાબ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવાનો રહેશે. જગદંબિકા પાલે જણાવ્યું કે, જેપીસીએ આ મુદ્દે 38 બેઠકો કરી હતી. તમામ સવાલો પાયાવિહોણા છે. અમુક રાજકીય પક્ષો પોતાના લાભ માટે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કાયદો અનેક વિચાર-વિમર્શ અને મનોમંથન બાદ ઘડવામાં આવ્યો છે. જો કાયદામાં એક પણ ખામી નીકળી તો હું મારા સાંસદ પદ પરથી રાજીનામું આપી દઈશ. સુપ્રીમ કોર્ટે આ ત્રણ સવાલો પૂછ્યાસુપ્રીમ કોર્ટે વક્ફ કાયદામાં સમાવિષ્ટ ત્રણ નિયમો પર વાંધો ઉઠાવ્યો હતો. તેમજ તે મામલે સ્પષ્ટતા આપવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. આ સુધારા હેઠળ હિન્દુ વ્યક્તિને વક્ફ બોર્ડમાં સામેલ કરવાની જોગવાઈ છે. જેમાં સુપ્રીમે પૂછ્યું કે, તો શું સરકાર હિન્દુ બોર્ડમાં પણ મુસ્લિમ સમુદાયને સામેલ કરવા તૈયાર છે. બીજો વક્ફ બાય યુઝર પ્રોપર્ટીને ડિ-નોટિફાઈ કરવા પર સવાલ ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે, વક્ફ બાય યુઝર પ્રોપર્ટીને ડિ-નોટિફાઈ કરવામાં આવી તો દેશમાં ગંભીર માહોલ સર્જાશે. તેના પરિણામો ખૂબ ખરાબ આવી શકે છે. આ પણ વાંચો: 'ગાંધી પરિવાર વારસાગત ભ્રષ્ટ' ભાજપે ત્રણ કૌભાંડ મુદ્દે વાડ્રા, રાહુલ, સોનિયા ગાંધી પર સાધ્યું નિશાનસુપ્રીમ કોર્ટના આદેશને આધિન લીધો હતો નિર્ણયજગદંબિકા પાલે જણાવ્યું હતું કે, બિન-મુસ્લિમોને વક્ફ બોર્ડમાં સામેલ કરવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે જ લેવામાં આવ્યો હતો. 2010માં સુપ્રીમ કોર્ટ અનુસાર, વક્ફ બોર્ડ એક કાયદાકીય સંસ્થા છે, તે ધાર્મિક સંસ્થા નથી. તે વક્ફ પ્રોપર્ટીની દેખરેખ અને જાળવણી કરતી સંસ્થા છે. આ સિવાય અગાઉ પણ સુપ્રીમ કોર્ટે અનેક વખત વિવિધ કેસોમાં કહ્યું છે કે, વક્ફ બોર્ડ એ કાયદાકીય સંસ્થા છે. ધાર્મિક નહીં. જેથી તેમાં વિશ્લેષણના લોકો સહિત અન્ય નિષ્ણાતો સામેલ થઈ શકે છે. નોંધનીય છે, વિવિધ મુસ્લિમ સંગઠનો અને વિપક્ષો દ્વારા વક્ફ કાયદા 2025નો વિરોધ થઈ રહ્યો છે. આ કાયદો મુસ્લિમોની ઓળખને નષ્ટ કરનારો હોવાનો દાવો કર્યો છે.

## અમેરિકન કંપનીમાં 'સેલરી સ્કેમ', 200 ભારતીય સહિત 700 લોકોની છટણીથી હોબાળો




અમેરિકાની દિગ્ગજ મોર્ગેજ કંપની 'ફેની મે'એ 9 અને 10 એપ્રિલના રોજ છેતરપિંડીનો આરોપ લગાવીને 700 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે, જેમાંના 200 ભારતીયો છે અને એ 200માંના મોટાભાગના તેલુગુ ભાષી છે. કર્મચારીઓએ તેલુગુ સંગઠનો સાથે સહયોગ કરીને કંપનીના 'મેચિંગ ગિફ્ટ પ્રોગ્રામ'નો દુરુપયોગ કર્યો હોવાનો આરોપ છે. ફેની મેએ તેના પુનર્ગઠન પ્રયાસોના ભાગ રૂપે આ છટણી નૈતિક ધોરણોને આધારે કરી હોવાનું જણાવ્યું હતું. ફેની મે (ફેડરલ નેશનલ મોર્ટગેજ એસોસિએશન) એ અમેરિકન સરકાર દ્વારા પ્રાયોજિત કંપની છે. એની સ્થાપના 1968 માં કરવામાં આવી હતી. 'મેચિંગ ગ્રાન્ટ' એ ભંડોળનો એક એવો પ્રકાર છે, જેમાં દાતા અમુક-તમુક પ્રોજેક્ટ માટે દાન આપવા સંમત થાય છે, પરંતુ માત્ર ત્યારે જ જો અરજદાર વ્યક્તિ અથવા સંસ્થા પણ તે પ્રોજેક્ટ માટે ભંડોળનું યોગદાન આપે. ઉદાહરણ લઈને સમજીએ તો, ધારોકે તમે ઝૂંપડપટ્ટીના ગરીબ બાળકોને ભણાવવા માટે અભ્યાસ વર્ગ ચલાવવા માંગો છો. એ માટે જે ખર્ચ થાય એનો એક હિસ્સો તમે ફાળવો અને એને અનુરૂપ બાકીનો હિસ્સો બીજી કોઈ વ્યક્તિ કે સંસ્થા ફાળવે તો એ રીતે મળેલું.

## પહેલી મેથી FASTagનો ઉપયોગ થઈ શકશે નહીં, GPS દ્વારા સીધો બેન્ક ખાતાંમાંથી કપાશે ટોલ ટેક્સ

દેશમાં નેશનલ હાઈવે પર વસૂલાતા ટોલ ટેક્સ પર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર 1 મે, 2025થી FASTag ના સ્થાને એક નવી સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ અંગે માહિતી આપી હતી. આગામી 15 દિવસમાં નવી ટોલ નીતિ રજૂ કરાશે. જે પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ અને સંતોષજનક રહેશે. આ સુવિધાથી વધુ પડતો ટોલ ટેક્સ કપાઈ જવાની ફરિયાદોમાંથી મુક્તિ મળશે. ટોલ ટેક્સમાં પારદર્શિતા વધશે. શું છે નવી સિસ્ટમ સરકાર જે નવી ટોલ સિસ્ટમની વાત કરી રહી છે, તેનું નામ છે ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (GNSS). આ એક જીપીએસ આધારિત પ્રણાલી છે. જેમાં વાહનનું લોકેશન




સેટેલાઈટની મદદથી ટ્રેક કરવામાં આવશે. અને તેના આધારે અંતર અનુસાર ટોલ ચાર્જ સીધો બેન્ક એકાઉન્ટમાંથી કપાશે. એટલે હવે ટોલ પ્લાઝા પર રોકાવાની કે રાહ જોવાની જરૂર પડશે નહીં. FASTag કરતાં કેવી રીતે અલગ છે GNSS? FASTag પ્રણાલીમાં કેશના સ્થાને ડિજિટલ પેમેન્ટ હોય છે. પરંતુ તેમાં વ્હિકલને ટોલ બૂથ પર અટકાવવુ પડે છે. ઘણીવખત લાંબી કતારોમાં રાહ પણ જોવી પડે છે. જ્યારે GNSS પ્રણાલી વર્ચ્યુઅલ ટોલ બૂથ મારફત કામ કરે છે. જેમાં ટોલની ગણના વાહનના ટ્રેકિંગના આધારે થાય છે. અને બેન્ક ખાતામાંથી સીધી ચૂકવણી થાય છે. આ પ્રણાલી અગાઉ 1 એપ્રિલે લાગુ થવાની હતી. પરંતુ અમુક ટેક્નિકલ અને પ્રશાસનિક કારણોસર તેનો અમલ સ્થગિત કરવામાં આવ્યો હતો. હવે 1 મે, 2025થી સંપૂર્ણ દેશમાં આ સિસ્ટમ લાગુ કરાશે.

## ફુડ શાખા મસાલા માર્કેમાં ત્રાટકી : સાત દુકાનોમાંથી સેમ્પલ લીધા

### બાલાજી ચાઈનીઝ, પટેલ ભેળ, ક્રિષ્ના પાણીપુરીને લાયસન્સ મેળવી લેવા સૂચના

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા ઋજઠ વાન સાથે શહેરના બાપાસિતારામ ચોકથી રામધણ તરફ મવડી વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ 20 ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં 09 ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ 20 નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. તેમજ મસાલા માર્કેટમાંથી રાયના કુરીયા ધાણી વરીયાળીના સેમ્પલો લેવામાં આવ્યા હતા.મસાલાની સિઝનને અનુલક્ષીને ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-2006 હેઠળ દર્શાવેલ નીચે મુજબની વિગતે કુલ 10 નમૂના લેવામાં આવેલ જેમાં રાઈના કુરીયા ઠાકર મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, ધ મિલેનિયમની બાજુમાં, 150' રીંગ રોડ, ધાણી શ્રીયમુનાજી મસાલા ભંડાર(મંડપ), જય ખોડિયાર મસાલા બજાર, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, 150 રીંગ રોડ, જીરૂ જય સોમનાથ મસાલા(મંડપ), જય ખોડિયાર મસાલા



બજાર, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, 150થ રીંગ રોડ, વરિયાળી શ્રીરામ મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, નાના મવા સર્કલ પાસે, 150થ રીંગ રોડ, મેથીના કુરિયા શ્રીરામ મસાલા ભંડાર(મંડપ), શ્રીરામ મસાલા માર્કેટ, નાના મવા સર્કલ પાસે, 150થ રીંગ રોડ, ઉ.ઊં. જડ્ઈઈઊજ અજમો જય સોમનાથ મસાલા (મંડપ), જય ખોડિયાર મસાલા બજાર, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, 150થ રીંગ રોડ, ઇંઘગઊજઝ છઊઉ ઈઈઈકકઈ ડ્ઘઠઉઊછ મીત રેસ્ટોરેન્ટ, ઓનેસ્ટ, ઈઈઈઈઈ બેન્ક પાસે, કોટેચા ચોક, કાલાવડ રોડ, ઈઅઝઈઈ ઈઈઈકકઈ ડ્ઘઠઉઊછ શ્રીનાથ ટ્રેડિંગ, 4- લાતી પ્લોટ, મોરબી રોડ, ઈઅઝઈઈ ઝઅછખઊછઈઈ ડ્ઘઠઉઊછ શ્રીનાથ ટ્રેડિંગ, 4- લાતી પ્લોટ, મોરબી રોડ, ઈઅઝઈઈ ઈઘછઈઅગઉઊછ ઈઝખઈગ ડ્ઘઠઉઊછ શ્રીનાથ ટ્રેડિંગ, 4- લાતી પ્લોટ, મોરબી રોડનો સમાવેશ થાય છે.બાલાજી ચાઈનીઝ પંજાબી, પટેલ કોલ્ડ્રિંક્સ, ધરતી કોલ્ડ્રિંક્સ, બાલાજી ઘૂઘરા, ક્રિષ્ના મારવાડી પાણિપુરી, પટેલ ભેળ, મયુર ભજીયા, બાલાજી ફૂડ પોઈન્ટ, વરિયા ગાંઠિયાને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા પટેલ ગાંઠિયા ફરસાણ, પટેલ ચાઈનીઝ પંજાબી, ઋઋખ સ્વીટ એન્ડ નમકીન, સીતારામ સુપર માર્કેટ, પટેલ પ્રોવિઝન સ્ટોર, ઉત્તમ એન્ટરપ્રાઈઝ, શિવમ ફાર્મસી, મનોહર સોડા, વત્સ સુપર માર્કેટ, શિવમ ડેરી, જય અંબે નાસ્તા ગૃહની ચકાસણી કરવામાં આવેલ.

## 'ગાંધી પરિવાર વારસાગત ભ્રષ્ટ' ભાજપે ત્રણ કૌભાંડ મુદ્દે વાડ્રા, રાહુલ, સોનિયા ગાંધી પર સાધ્યું નિશાન

ગાંધી પરિવાર અને તેમના જમાઈ રોબર્ટ વાડ્રા ભ્રષ્ટાચારના આરોપોમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તપાસ એજન્સીઓએ તાજેતરમાં જ કાર્યવાહી કર્યા બાદ રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. જમીન સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં રોબર્ટ વાડ્રાની પૂછપરછ ચાલી રહી છે, જ્યારે નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જેના કારણે કોંગ્રેસે તપાસ એજન્સીઓ સામે આક્રોષ વ્યક્ત કરવા રસ્તા પર ઉતરી આવી છે, જ્યારે બીજીતરફ ભાજપ ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર આકરા પ્રહારો કરી કહ્યું કે, ગાંધી પરિવાર વારસાગત ભ્રષ્ટ છે.ભાજપે ત્રણ કૌભાંડનો ઉલ્લેખ કરી કોંગ્રેસ પર સાધ્યું નિશાનમીડિયા સાથે વાતચીત કરતા ભાજપ પ્રવક્તા ગૌરવ ભાટિયાએ રૉબર્ટ વાડ્રાને ભૂ-માફિયા ગણાવી આક્ષેપ કર્યો છે કે, 'તેમણે ખેડૂતોની જમીન હડપી લીધી. તેમણે રાહુલ ગાંધી પર નિશાન સાધી કહ્યું કે, તેઓ નેશનલ હેરાલ્ડ કેસમાં સામેલ છે. આ ઉપરાંત તેમણે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી VVIP હેલિકોપ્ટર કૌભાંડમાં સામેલ હોવાનો આક્ષેપ કર્યો છે. એટલું જ નહીં તેમણે દિવંગત પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર બોફોર્સ કૌભાંડમાં સામેલ હોવાનો પણ આક્ષેપ કર્યો છે.''ગાંધી પરિવાર ભ્રષ્ટ અને ચોર'ભાજપ પ્રવક્તાએ કહ્યું કે, 'ગાંધી પરિવાર વારસાગત ભ્રષ્ટ અને વારસાગત ચોર છે, તે કહેવું ખોટું નથી. વાડ્રાએ ખેડૂતોની જમીન હડપી લેવાનું કામ કર્યું. શું ગાંધી પરિવારે




કસમ ખાધી છે કે, તેઓ જ્યાં પણ જશે, ત્યાં ભારત અને ખેડૂતોની જમીન લૂંટશે? આ લોકો એટલા બેશરમ છે કે, સવાલ સાંભળવા પણ માંગતા નથી. આ લોકો ઈચ્છતા નથી કે, કોઈ તેમને પ્રશ્ન કરે. કોંગ્રેસની દ્રષ્ટિએ અને તે લોકોની દ્રષ્ટિએ રોબટ વાડ્રા એક મોટો જનનેતા છે, પરંતુ પ્રજાની નજરમાં તેઓ એક ભૂ-માફિયા અને ભ્રષ્ટ વ્યક્તિ છે, આ જ હકીકત છે.'આ પણ વાંચો : પહેલી મેથી FASTagનો ઉપયોગ થઈ શકશે નહીં, GPS દ્વારા સીધો બેન્ક ખાતાંમાંથી કપાશે ટોલ ટેક્સસતત ત્રીજા દિવસે વાડ્રાની પૂછપરછએન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) આજે (17 એપ્રિલ) સતત ત્રીજા દિવસે રૉબટ વાડ્રાની પૂછપરછ કરી. વાડ્રાએ આ કાર્યવાહીના રાજકીય ગણાવી અને આક્ષેપ કર્યો કે, 'સરકાર કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ઈડી દ્વારા ભાજપ સિવાયના નેતાઓ પર કાર્યવાહી થઈ રહી છે, જેના કારણે ઈડીની નિષ્પક્ષતા પર સવાલો થઈ રહ્યા છે.'તેમણે ગઈકાલની પૂછપરછ બાદ કહ્યું હતું કે, 'ED મને ખૂબ પ્રેમ કરે છે તેથી જ તેઓ મને વારંવાર બોલાવતા રહેશે. જ્યારે પણ હું લોકો અથવા લઘુમતીઓના હિતમાં બોલું છું અથવા રાજકારણમાં પ્રવેશવાનું વિચારતો હોવાના સંકેત આપું છું, ત્યારે તેઓ કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરવાનું શરૂ કરે છે.

## નિયમ તોડનારાની ખેર નહીં, 770 ખેડૂતોને 17 લાખનો દંડ, અનેક વિરુદ્ધ FIR

મધ્ય પ્રદેશના ઈન્દોર જિલ્લામાં વહીવટી તંત્રે ખેતરોમાં પરાલી સળગાવનારા ખેડૂતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. ખેડૂતોને ભારે દંડ ફટકારવાની સાથે ખેતર માલિકો સામે કેસ નોંધવાનું શરૂ કરી દીધું છે. બીજી તરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે અને પરાળીનો નાશ કરવા માટે વ્યવસ્થાની માંગ કરી છે.ચાર દિવસમાં 770 ખેડૂતોને દંડજિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ સિંહે કહ્યું કે, અમે નિયમો અને કાયદા અનુસાર ખેતરોમાં પરાળી સળગાવનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છીએ. આવી હરકતના કારણે દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે સ્થાન મેળવનાર ઈન્દોરની હવા પર ખરાબ અસર પડી રહી છે. અન્ય એક વહીવટી અધિકારીએ જણાવ્યું કે, જિલ્લામાં 4




દિવસમાં પરાળી સળગાવવા બદલ 770 ખેડૂતો પર કુલ 16.71 લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે.આ પણ વાંચો : 'ગાંધી પરિવાર વારસાગત ભ્રષ્ટ' ભાજપે ત્રણ કૌભાંડ મુદ્દે વાડ્રા, રાહુલ, સોનિયા ગાંધી પર સાધ્યું નિશાનપ્રતિબંધિત આદેશ પણ જારી કરાયાતેમણે કહ્યું કે, જિલ્લા મેજિસ્ટ્રેટે પરાળી બાળવાની ઘટનાઓને રોકવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023ની કલમ 163 હેઠળ પ્રતિબંધિત આદેશ પણ જારી કર્યો છે. પરાળી બાળવાથી પર્યાવરણ, સામાન્ય લોકો અને પ્રાણીઓને થતા નુકસાનને રોકવા માટે આ આદેશ જારી કરાયો છે. પ્રતિબંધક હુકમનું ઉલ્લંઘન કરવા બદલ સંબંધિત ખેતર માલિકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ 223 હેઠળ જિલ્લામાં ત્રણ કેસ દાખલ કરાયા છે.5000 રૂપિયા સુધીનો દંડકાયદાકીય જોગવાઈ હેઠળ દોષિતને એક વર્ષ સુધીની કેદ અથવા 5,000 રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. બીજીતરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કરી વાંધો ઉઠાવી રહ્યા છે. પશ્ચિમ મધ્યપ્રદેશના માલવા-નિમાડ ક્ષેત્રમાં સંયુક્ત કિસાન મોરચાના કન્વીનર રામ સ્વરૂપ મંત્રીએ કહ્યું કે, અમે સહમત છીએ કે ખેતરોમાં પરાળ સળગાવવી ખોટી છે.

## તંત્રી લેખ



### કાયદાના શાસનને કારણે સ્થળાંતર મજબૂર, મુર્શિદાબાદ એક શરમજનક ઉદાહરણ છે

મુર્શિદાબાદમાં હિંસક ટોળા દ્વારા કરવામાં આવેલી હિંસા અંગે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં નવા વક્ફ કાયદા સામે બંધારણીય વિરોધના બહાને હિન્દુઓને પસંદગીપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હતા. આમાં હિંસાની તપાસ કરવા અને મમતા સરકારની જવાબદારી નક્કી કરવા માટે એક વિશેષ તપાસ ટીમ બનાવવાની માંગ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટ શું કરશે તે ખબર નથી, પરંતુ એ વાત જાણીતી છે કે જ્યારે મે 2021 માં બંગાળમાં વિધાનસભા ચૂંટણી પછી થયેલી ભયાનક હિંસાની તપાસ માટે આવી જ અરજી દાખલ કરવામાં આવી હતી, ત્યારે સુપ્રીમ કોર્ટની બે સભ્યોની બેન્ચના એક ન્યાયાધીશ ઇન્દિરા બેનર્જીએ કેસની સુનાવણીમાંથી ખસી ગયા હોવાથી તેની તાત્કાલિક સુનાવણી થઈ શકી ન હતી. તે બંગાળની હતી.પછી, તૃણમૂલ કોંગ્રેસના સમર્થકોના ભયંકર અરાજકતાને કારણે, બંગાળના ઘણા લોકોને પોતાનો જીવ બચાવવા માટે આસામમાં આશ્રય લેવાની ફરજ પડી. તેને મહિનાઓ સુધી ત્યાં રહેવું પડ્યું. એ કહેવું મુશ્કેલ છે કે તે બધા પોતાના ઘરે પાછા ફરી શક્યા કે નહીં? મુર્શિદાબાદ હિંસાના પીડિતો, જેમને પોતાનો જીવ બચાવવા માટે માલદા અને અન્યત્ર આશ્રય લેવાની ફરજ પડી છે, તેઓ પોતાના ઘરે પાછા ફરી શકશે કે નહીં તે કહેવું વધુ મુશ્કેલ છે?આ કહેવું વધુ મુશ્કેલ છે કારણ કે, પ્રથમ, સ્થળાંતર કરનારાઓ પોતે તેમના પાછા ફરવા અંગે ખાતરી ધરાવતા નથી અને બીજું, તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં બધું બરાબર છે તે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક લોકો મુર્શિદાબાદમાં થયેલી અરાજકતાને બોર્ડર સિક્યુરિટી ફોર્સનું કાવતરું ગણાવી રહ્યા છે.એ સદભાગ્યની વાત હતી કે કલકત્તા હાઈકોર્ટે મુર્શિદાબાદમાં કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો, નહીં તો ત્યાંના કેટલાક વિસ્તારો હિન્દુઓથી વંચિત રહી શક્યા હોત. મુર્શિદાબાદ બાંગ્લાદેશની સરહદે આવેલો જિલ્લો છે, જ્યાં હિન્દુ વસ્તી ઘટીને 33 ટકા થઈ ગઈ છે. આગામી વસ્તી ગણતરીમાં તેમાં વધુ ઘટાડો થાય તો નવાઈ નહીં લાગે. હવે નહીં, કારણ કે બંગાળના કેટલાક વિસ્તારો વસ્તી અસંતુલનની દ્રષ્ટિએ બાંગ્લાદેશના માર્ગે છે.જ્યાં સુધી પીડિત લોકો સક્રિય સ્વ-બચાવ નહીં કરે અને અન્યાયનો પ્રતિકાર કરવા સક્ષમ નહીં બને ત્યાં સુધી પરિસ્થિતિ બદલાશે નહીં. તેમણે પોતાનું અસ્તિત્વ બચાવવા માટે આ કરવું પડશે, કારણ કે મુર્શિદાબાદ જેવા આતંકવાદથી ભરેલા અરાજકતામાં સુરક્ષા દળો હસ્તક્ષેપ કરે ત્યાં સુધીમાં નુકસાન થઈ ચૂક્યું હોય છે અને ઘણીવાર કાયમી રહે છે. લોકો પોતાના જ દેશમાં શરણાર્થી બની જાય છે. કાશ્મીર ખીણમાંથી હાંકી કાઢવામાં આવેલા કાશ્મીરી હિન્દુઓ આજ સુધી પોતાના ઘરે પાછા ફરી શક્યા નથી.મુર્શિદાબાદમાં થયેલી હિંસા દરમિયાન પોલીસ જે રીતે મૂક પ્રેક્ષક બની રહી તે કંઈ નવું નથી. ભલે દરેક રાજ્યની પોલીસ ત્યાંની સરકારના દબાણ અને પ્રભાવ હેઠળ કામ કરે છે, પરંતુ બંગાળ પોલીસે એક રીતે પોતાને તૃણમૂલની શાખામાં પરિવર્તિત કરી દીધું છે. ત્યાંના ડીજીપી એ જ રાજીવ કુમાર છે, જેમના ઘરે શારદા કૌભાંડની તપાસમાં છેડછાડ કરવાના આરોપસર સીબીઆઈએ દરોડા પાડ્યા ત્યારે મમતા બેનર્જી ધરણા પર બેઠા હતા.લોકસભા ચૂંટણી દરમિયાન, ચૂંટણી પંચે તેમને ડીજીપી પદ પરથી દૂર કર્યા હતા, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ મમતાએ તેમને ફરીથી ડીજીપી પદેથી નિયુક્ત કર્યા. મુર્શિદાબાદમાં નવા વકફ કાયદા સામેનો વિરોધ દેખીતી રીતે વકફની જમીન બચાવવા માટે હતો.

- કાંતિલાલ એ પટેલ

# તમારું બાળક વહાલાં-દવલાંનો ભેદ તો નથી અનુભવતું ને?:ભાઈ-બહેનોના સંબંધોમાં અંતર વધી શકે, માતા-પિતા માટે રિલેશનશિપ કોચની 4 સલાહ

ભાઈ-બહેનોમાં હંમેશા ચર્ચા થતી રહે છે કે, તેમના માતા-પિતા કોને વધુ પ્રેમ કરે છે? આ વાતો માતા-પિતાને ભલે મજાક જેવી લાગે પરંતુ બાળકોને ખરેખર આવું જ લાગતું હોય છે.જોકે, તેમાં બાળકોનો વાંક નથી. તેઓ જે કંઈ અનુભવે છે, તે વ્યક્ત કરે છે. કેટલાક બાળકો તો એ સમજી જ શકતા નથી કે તેમની સાથે એવું કંઈક થઈ રહ્યું છે.જોકે, માતા-પિતા તરફથી પ્રેમનો અભાવ અથવા ઉપેક્ષા તેમના સમગ્ર જીવનને અસર કરે છે.આપણે બધા માણસો છીએ અને એકને વધુ પ્રેમ કરવો કે લાગણી રાખવી એ એક કુદરતી માનવીય વર્તન છે. આપણે તેનાથી બચી શકતા નથી. જોકે, બાળક ગમે તેવું હોય, તે તમારું જ છે.તેવામાં તમારી જવાબદારી બને છે કે બાળકને એવું કશું અનુભવ ન થાય, જે તેના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે.આવી સ્થિતિમાં, આજે આપણે 'રિલેશનશિપ' કોલમમાં જાણીશું કે-માતા-પિતા કોઈ એક બાળકને કેમ વધુ પ્રેમ કરે છે?બાળકો પર તેની શું અસર પડે છે?માતા-પિતા આવું કરવાથી પોતાને કેવી રીતે બચાવી શકે?માતા-પિતા કોઈ એક બાળકને કેમ વધુ પ્રેમ કરે છે?'સાઈકોલોજિકલ બુલેટિન'માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, માતા-પિતા એવા બાળકો તરફ વધુ વલણ ધરાવે છે, જે જવાબદાર અને સમજણું હોય છે.જોકે, માતા-પિતા આ સ્વીકારવામાં અચકાય છે. તેના બીજા ઘણા કારણો હોઈ શકે છે. ચાલો તેને ગ્રાફિક દ્વારા સમજીએ.સમજણાં અને જવાબદાર બાળકો: સાયકોલોજિકલ બુલેટિનના એક અભ્યાસ મુજબ, જે બાળકો સમજણાં હોય છે, દરેક કાર્ય સારી રીતે કરે છે, મિલનસાર અને દયાળુ હોય છે. લોકો સાથે સરળતાથી ભળી જાય છે. તેમને તેમના માતા-પિતા તરફથી વધુ પ્રેમ મળે છે.માતા-પિતાનું પહેલું બાળક: ઘરના મોટા બાળકો વધુ સ્વતંત્રતાનો આનંદ માણે છે. તેનું કહેલું સાંભળવામાં આવે છે. ત્યારે નાના બાળકને એવું લાગી શકે છે કે, મોટા ભાઈ કે બહેનને તેના કરતાં વધુ પ્રેમ કરવામાં આવે છે.માતા-પિતાની પસંદગીનું જેન્ડર: ભારતીય સમાજમાં દીકરાઓને દીકરીઓ કરતાં વધુ પ્રેમ મળે છે. આજે પણ ઘણા પરિવારોમાં લોકો સંતાનના રૂપમાં દીકરો ઈચ્છતા હોય છે.બાળકનો સ્વભાવ માતા-પિતા જેવો જ હોય: જે બાળકોની પસંદ અને રુચિ તેમના માતા-પિતા જેવી જ હોય છે, તેઓ તેમના પ્રત્યે વધુ જોડાણ અનુભવી શકે છે. આવી સ્થિતિમાં, અન્ય બાળકો ઓછા પ્રેમનો અનુભવ કરી શકે છે.બીમારી કે નબળાઈથી પીડાતું બાળક: જ્યારે કોઈ બાળક કોઈ બીમારીથી પીડાતું હોય અથવા કોઈ અન્ય મુશ્કેલીમાં ફસાયેલું હોય, ત્યારે તેને વધુ પ્રેમની જરૂર પડી શકે છે.એક બાળક પર વધુ પ્રેમ વરસાવવાથી બીજા બાળક પર શું અસર પડે છે?જ્યારે માતા-પિતા એક બાળક પર વધુ પ્રેમ વરસાવે છે, ત્યારે બીજા બાળકને ઉપેક્ષાનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં, તેના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડી શકે છે.જેનાથી તેની કારકિર્દી અને જીવન બંને પર ખરાબ અસર પડી શકે છે. ચાલો તેને ગ્રાફિક દ્વારા સમજીએ.આત્મવિશ્વાસનો અભાવ: જો કોઈ બાળક વારંવાર એવું અનુભવે કે, તેના ભાઈ-બહેનોને વધુ પ્રેમ અને ધ્યાન મળી રહ્યું છે, તો તે હીનતા અનુભવવા લાગે છે. તેને લાગે છે કે તે અસમર્થ છે.જેનાથી તેનો આત્મવિશ્વાસ નબળો પડે છે.ભાઈ-બહેન વચ્ચે તણાવ: જ્યારે એકને વધુ પ્રેમ મળે છે અને બીજાને ઓછો, ત્યારે ઈર્ષ્યા અને ગુસ્સો અનુભવવો સ્વાભાવિક છે. તેવામાં નાના-નાના ઝઘડા મોટા ઝઘડામાં ફેરવાઈ શકે છે અને સંબંધોમાં અંતર આવી શકે છે.આ અસર ફક્ત બાળપણમાં જ નહીં, પણ મોટા થતાં પણ રહી શકે છે.માતા-પિતાથી અંતર વધી જવું: જે બાળક ઉપેક્ષિત અનુભવે છે, તે તેના માતા-પિતા સાથે ખૂલીને વાતચીત કરવાનું બંધ કરી દે છે. તેને લાગે છે કે, તેની લાગણીઓ સમજવામાં




આવતી નથી.જેનાથી તેમના સંબંધોમાં ભાવનાત્મક અંતર સર્જાય છે અને બાળક એકલતા અનુભવવા લાગે છે.ધ્યાન ખેંચવાના પ્રયાસો: જ્યારે કોઈને પ્રેમ મળતો નથી, ત્યારે તે ધ્યાન ખેંચવા માટે નકારાત્મક પદ્ધતિઓ અપનાવવાનું શરૂ કરે છે. જેમ કે જીદ કરવી, ક્રોધ કે ભૂલો કરવી.જેથી માતા-પિતાનું ધ્યાન તેના તરફ ખેંચાય, ભલે તે ઠપકાના રૂપમાં જ કેમ ન હોય.સામાજિક જીવન પર અસર: જ્યારે આવા બાળકો મોટા થાય છે, ત્યારે તેમને અન્ય લોકો સાથે હળવા-મળવામાં, મિત્રો બનાવવામાં અથવા સંબંધો જાળવવામાં મુશ્કેલી પડી શકે છે. આત્મવિશ્વાસનો અભાવ અને અવિશ્વાસની લાગણીઓ તેમને સમાજથી અલગ કરી શકે છે.માનસિક તણાવ અને હતાશા: સતત ઉપેક્ષા માનસિક સ્વાસ્થ્યને પણ અસર કરે છે. બાળકો ચિંતા, તણાવ અથવા હતાશાથી પીડાઈ શકે છે અને એકલતાનો ભોગ બની શકે છે.બદલો લેવાની લાગણી: ઘણી વખત ઉપેક્ષિત બાળક બીજા પ્રત્યે બદલાની ભાવનાઓ પોષવાનું શરૂ કરે છે. પછી ભલે તે માતા-પિતા હોય કે ભાઈ-બહેન. આ લાગણી ધીમે-ધીમે ઊંડી થતી જાય છે અને સંબંધોમાં ખટાશ લાવી શકે છે.પોતાને દોષ આપવો: સૌથી ખતરનાક અસર એ છે કે, બાળક એવું વિચારવા લાગે છે કે તે પ્રેમને લાયક નથી. તે દરેક વસ્તુ માટે પોતાને જવાબદાર માનવા લાગે છે.શું માતાપિતા ઈરાદાપૂર્વક પક્ષપાત કે ફેવરેટિઝમ કરે છે?માતા-પિતા ઘણીવાર અજાણતાં એક બાળક કરતાં બીજા બાળક સાથે વધુ જોડાયેલા બની જાય છે; જે બાળકો વધુ મિલનસાર હોય છે અથવા પોતાની લાગણીઓ ખૂલીને વ્યક્ત કરે છે, તે બાળક વધુ ધ્યાન આકર્ષિત કરે છે.તેનો અર્થ એ નથી કે, માતા-પિતા બીજા બાળકને પ્રેમ નથી કરતા, ફક્ત એટલું જ કે, તેમના વર્તનમાં સંતુલનનો અભાવ હોઈ શકે છે. જોકે, કેટલાક કિસ્સાઓમાં માતા-પિતા જાણી જોઈને પક્ષપાત કરે છે.માતાપિતા પોતાને પક્ષપાતથી કેવી રીતે બચાવી શકે?સચેત રહો: સમયાંતરે તમારા વર્તન પર એક નજર નાખો. શું તમે કોઈ એક બાળક સાથે ખૂબ કડક કે ખૂબ ઉદાર વર્તન તો નથી કરતા ને?વાતચીત કરો: તમારા બાળકો સાથે ખૂલીને વાત કરો અને તેમને ખાતરી આપો કે તમારા માટે દરેક બાળક ખાસ છે.સમયની સમાન ફાળવણી કરો: દરેક બાળક સાથે થોડો સમય એકલા વિતાવો, તેની વાતો સાંભળો અને તેમની પસંદ-નાપસંદને જાણો.સરખામણી ન કરો: બાળકોની એકબીજા સાથે ક્યારેય સરખામણી ન કરો. દરેક બાળકની કુશળતા, વિચારો અને જરૂરિયાતો અલગ અલગ હોય છે.પેરેન્ટલ ફેવરેટિઝમ ભાઈ-બહેનના સંબંધોને કેવી રીતે અસર કરે છે?માતા-પિતા દ્વારા કરવામાં આવતા પક્ષપાતની, બંને, મનપસંદ અને નાપસંદ બાળકો પર નકારાત્મક અસર પડી શકે છે. ચાલો આને બુલેટ પોઈન્ટ્સમાં સમજીએ.ઈર્ષ્યા અને સ્પર્ધા: જ્યારે એક બાળકને વધુ પ્રેમ મળે છે, ત્યારે બીજું બાળક હીનતા અનુભવવા લાગે છે. તેનાથી ઈર્ષ્યા અને સ્પર્ધા વધે છે.સહકારની ભાવનાનો અભાવ: એકબીજાને મદદ કરવાને બદલે, બાળકોમાં સ્પર્ધાત્મક ભાવના વિકસે છે, જે ઘરમાં તણાવપૂર્ણ વાતાવરણ બનાવી શકે છે.આ તણાવ ફક્ત બાળપણ પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ મોટા થાય પછી પણ રહી શકે છે.ભાવનાત્મક અંતર સર્જાય છે: જે બાળક ઉપેક્ષિત અનુભવે છે, તે તેના ભાઈ-બહેન સાથે ખૂલીને વાત કરવાનું બંધ કરી શકે છે. તેના કારણે સંબંધોમાં આત્મીયતા અને નિકટતા ધીમે-ધીમે સમાપ્ત થઈ શકે છે.વિશ્વાસ ગુમાવવો: પ્રિય બાળકને લઈને એ શંકા રહે છે કે, તે હંમેશા માતા-પિતાની તરફેણમાં રહેશે, જેથી બીજા બાળકનો વિશ્વાસ તૂટી જાય છે અને સંબંધોમાં કડવાશ આવે છે.એકલતાની લાગણી વિકસે છે: ઉપેક્ષિત બાળક ધીમે-ધીમે પોતાને પરિવારથી અલગ જોવા લાગે છે. તે પોતાના ભાઈ-બહેનોથી દૂર રહે છે અને પારિવારિક સંબંધો નબળા પડી જાય છે.જો કોઈ બાળકને ખાસ કાળજીની જરૂર હોય, તો તેને વધારાનું ધ્યાન આપવું પક્ષપાત ગણાય?ના, બિલકુલ નહીં. જો કોઈ બાળક બીમાર હોય અથવા તેને શારીરિક કે માનસિક રીતે વધુ સહાયની જરૂર હોય, તો તેની સંભાળ રાખવી એ જવાબદારી છે.

# ધૂમ્રપાનની કુટેવ 'બર્ગર ડિઝીઝ' નોતરશે:હાથ-પગમાં બ્લડ ફ્લો ઓછો થતાં ગેંગ્રીનની શક્યતા, અંગો કાપવા પણ પડે! જાણો લક્ષણો અને ઉપાયો

સિગારેટ અને તમાકુનું સેવન ફક્ત કેન્સરનું કારણ નથી. તેના કારણે એક રેર બીમારી થઈ શકે છે, જેના કારણે હાથ અને પગ પણ કાપવા પડી શકે છે. આ બીમારીનું નામ બર્ગર ડિઝીઝ (Buerger disease) છે. તેને થ્રોમ્બોઆન્જાઈટિસ ઓબ્લિટેરેન્સ (Thromboangiitis Obliterans) પણ કહે છે.નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, સમગ્ર વિશ્વમાં દર 1 લાખમાંથી 12-20 લોકો આ રોગથી પીડાય છે. જોકે, અમેરિકા અને યુરોપ કરતાં ભારતમાં વધુ કેસ નોંધાયા છે. ભારતમાં પેરિફેરલ આર્ટરી ડિસીઝ (PAD) ધરાવતા 45-60% દર્દીઓમાં બર્ગર રોગ થાય છે. PAD એક એવો રોગ છે, જેમાં ધમનીઓ સાંકડી થવાને કારણે હાથ અને પગમાં લોહીનો પ્રવાહ ઓછો થઈ જાય છે.વિશ્વમાં સૌથી વધુ તમાકુના સેવનમાં ચીન પછી ભારત બીજા ક્રમે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અનુસાર, ભારતમાં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના 25.3 કરોડ લોકો ધૂમ્રપાન કરે છે. તેથી અન્ય દેશોની તુલનામાં ભારતના લોકોમાં બર્ગર રોગનું જોખમ વધારે છે.તેથી, આજે 'તબિયતપાણી' માં આપણે બર્ગર રોગ વિશે જાણીશું. સાથે એ પણ જાણીશું કે-તેના લક્ષણો કયા છે?કયા કોમ્પ્લિકેશન થઈ શકે છે?તેની સારવાર શું છે?બર્ગર રોગથી કેવી રીતે બચી શકાય?બર્ગર ડિઝીઝ શું છે?આ દુર્લભ રોગ મોટે ભાગે ધૂમ્રપાન કરનારા લોકોને થાય છે. તેમાં હાથ, પગ અને આંગળીઓની રક્તવાહિનીઓ ફૂલી જાય છે, જેનાથી લોહીનો પ્રવાહ ઓછો થાય છે. પરિણામે રક્ત વાહિનીઓમાં ક્લોટિંગ એટલે કે ગંઠાઈ જવાની સમસ્યા પણ થઈ શકે છે.

હાથ અને પગ સુધી પૂરતું લોહી ન પહોંચવાથી ચેપનું જોખમ વધે છે. પરિણામે પેશીઓને નુકસાન થવા લાગે છે, જેને ગેંગ્રીન કહેવાય છે. ન્યુરોલોજીસ્ટ ડૉ. સંધ્યા કોચે બર્ગર રોગ વિશે જણાવે છે-તેના લક્ષણો શું છે?બર્ગર રોગની શરૂઆતમાં હાથ અને પગમાં ખૂબ દુખાવો થાય છે. ખાસ કરીને જ્યારે તમે આરામ કરી રહ્યા હોવ કે સૂઈ રહ્યા હોય તો આ દુખાવો વધી જાય છે. તેના લક્ષણો ધીમે-ધીમે વિકસે છે. ગ્રાફિકમાં બધા લક્ષણો જુઓ-બર્ગર રોગ શા માટે થાય છે?ડૉ. સંધ્યા કોચેના મતે, બર્ગર




રોગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જોકે, મોટાભાગના કિસ્સાઓમાં આ રોગ એવા લોકોમાં જોવા મળે છે, જે તમાકુ અને સિગારેટનું સેવન કરે છે. તમાકુમાં રહેલા રસાયણો રક્ત વાહિનીઓની દિવાલોને (બ્લડ વેસલ્સ વૉલને) નબળી પાડે છે. તેથી રક્તવાહિનીઓ સંકોચાવા લાગે છે અને રક્ત પ્રવાહ ઓછો થાય છે. ઉપરાંત બર્ગર રોગ આનુવંશિક (જીનેટિક) કારણોસર અથવા કોઈપણ ઑટોઈમ્યૂન ડિઝીઝના કારણે પણ થઈ શકે છે.કોને વધારે જોખમ છે?ધૂમ્રપાન કરે છેતમાકુનું સેવન કરે છેજેની ઉંમર 20-45 વર્ષ છેજેને બર્ગર ડિઝીઝની ફેમિલી હિસ્ટ્રી છેબર્ગર રોગના કોમ્પ્લિકેશન્સ શું છે?બર્ગર રોગ એટલે ધમનીઓમાં લોહીનો પ્રવાહ ઓછો થઈ જાય છે. તેથી હૃદયરોગનો હુમલો અને સ્ટ્રોકનું જોખમ વધે છે. આ સિવાય બીજી કયા કોમ્પ્લિકેશન હોઈ શકે છે, તે ગ્રાફિકમાં જુઓ-બર્ગર રોગની સારવાર શું છે?બર્ગર રોગની કોઈ કાયમી સારવાર નથી. તેની સારવારમાં લક્ષણો ઘટાડવા માટે દવાઓ આપવામાં આવે છે, જુઓ-વેસોડાઈલેટર્સ (Vasodilators) આપવામાં આવે છે, જે રક્તવાહિનીઓને પહોળી કરીને રક્ત પ્રવાહમાં સુધારો કરે છે.એન્ટી-ઈન્ફ્લેમેટરી દવાઓ આપવામાં આવે છે, જે રક્ત વાહિનીઓમાં સોજો ઘટાડીને રક્ત પ્રવાહમાં સુધારો કરે છે.એનાલ્જેસિક દવાઓ, એટલે કે પીડા નિવારક દવાઓ આપવામાં આવે છે, જે પીડા ઘટાડીને ઘાને રૂઝાવવામાં મદદ કરે છે.એન્ટીકોએગ્યુલન્ટ્સ (Anticoagulants) આપવામાં આવે છે, જે લોહી ગંઠાઈ જવાથી અટકાવે છે.ઘામાં ચેપ અટકાવવા અને ઘટાડવા માટે એન્ટિબાયોટિક્સ આપવામાં આવે છે.ડૉ. સંધ્યા કોચે કહે છે કે, આપણી પાસે એવી કોઈ દવા નથી જે બર્ગર રોગને સંપૂર્ણપણે મટાડી શકે. તેની સારવારમાં ફક્ત લક્ષણોને નિયંત્રિત કરવા માટે દવાઓ આપવામાં આવે છે. આ રોગના મોટાભાગના કેસો ધૂમ્રપાન કરનારાઓમાં જોવા મળતા હોવાથી સારવાર દરમિયાન ધૂમ્રપાનથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે.બર્ગર ડિઝીઝથી કેવી રીતે બચી શકાય?તેનાથી બચવાનો સૌથી અસરકારક રસ્તો ધૂમ્રપાન ન કરવાનો છે. જો તમે ધૂમ્રપાન કરો છો, તો આજે જ છોડી દો. જો કોઈ નજીકમાં ધૂમ્રપાન કરતું હોય તો પેસિવ સ્મોકિંગથી બચવું પણ મહત્વપૂર્ણ છે. જો તમે તમાકુ કે ખૈનીનું સેવન કરો છો, તો તેને છોડી દો.બર્ગર રોગ સંબંધિત સામાન્ય પ્રશ્નો અને જવાબોપ્રશ્ન: બર્ગર રોગનું નિદાન કેવી રીતે થાય છે?જવાબ: આ માટે ડૉક્ટર પહેલા મેડિકલ હિસ્ટ્રી જુએ છે અને વેસ્ક્યુલર ટેસ્ટ કરે છે. ત્યારબાદ સ્થિતિનું ચોક્કસ નિદાન કરવા માટે આ પરીક્ષણો કરી શકાય છે.એન્જીયોગ્રાફી: તેનાથી ધમનીઓમાં બ્લોકેજ અંગે જાણી શકાય છે.

ડૉપ્લર અલ્ટ્રાસાઉન્ડ: આ પરીક્ષણ રક્ત પ્રવાહની સ્થિતિનો અંદાજો લગાવી શકે છે.એલન ટેસ્ટ: આ હાથમાં રક્ત પ્રવાહની સ્થિતિનું પરીક્ષણ કરે છે.પ્રશ્ન: જો સારવાર ન કરવામાં આવે તો શું થઈ શકે?જવાબ: જો સારવાર ન કરવામાં આવે, તો આ રોગ ધીમે ધીમે આંગળીઓ, હાથ અને પગને અસર કરે છે, જેના કારણે ગેંગ્રીન (પેશીઓનું સડો) થાય છે. ગંભીર કિસ્સાઓમાં, ગેંગ્રીનથી અસરગ્રસ્ત અંગો કાપવા (ઈંપ્યૂટેશન) પડી શકે છે.પ્રશ્ન: બર્ગર રોગ હોય, તો સારવારની સાથે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?જવાબ:ધૂમ્રપાન અને તમાકુ સંપૂર્ણપણે છોડી દો.શરીરને સક્રિય રાખો અને બ્લડ સર્ક્યુલેશન સુધારવા માટે કસરત કરો.ડાયાબિટીસ કે હાઈ બ્લડ પ્રેશર જેવા રોગોને નિયંત્રણમાં રાખો.પગ અને હાથને ઠંડીથી બચાવો અને સારા જૂતા પહેરો.પ્રશ્ન: શું બર્ગર રોગ ફક્ત ધૂમ્રપાન કરનારાઓને જ અસર કરે છે?જવાબ: 99% કિસ્સાઓમાં આ રોગ ધૂમ્રપાન કરનારાઓ અથવા તમાકુનું સેવન કરનારાઓને થાય છે. જોકે, કેટલાક રેર કિસ્સાઓમાં આ રોગ એવા લોકોમાં પણ જોવા મળ્યો છે, જેઓ તમાકુથી દૂર રહે છે. આવા કિસ્સાઓમાં કારણ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી.પ્રશ્ન: શું આ રોગ સર્જરી દ્વારા મટાડી શકાય છે?જવાબ: ના, આ રોગ સર્જરી દ્વારા સંપૂર્ણપણે મટાડી શકાતો નથી. હા, જો બર્ગર રોગને કારણે દર્દીને ગેંગ્રીન થાય છે, તો ચેપગ્રસ્ત અંગને સર્જરી દ્વારા દૂર કરી શકાય છે. તેનાથી દુખાવામાં રાહત મળશે અને ઘણાં હદ સુધી ચેપ અટકી જશે.

## સાબરકાંઠાના વડાલીમાં સામૂહિક આપઘાતનો કેસ: પોલીસે ભદ્રરાજ ચૌહાણ નામના આરોપીની કરી ધરપકડ



સાબરકાંઠામાં વડાલીના સગરવાસમાં એક જ પરિવારના પાંચ સભ્યોએ આર્થિક સંકળામણના કારણે શનિવારે (12મી એપ્રિલ) ઝેરી દવા ગટગટાવી સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવાની ગંભીર અસરથી પતિ-પત્ની અને બે બાળકોના મોત થયા હતા. જ્યારે દીકરીની ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ મામલે પોલીસે ભદ્રરાજ ચૌહાણ નામના આરોપી કરી ધરપકડ કરી છે. નોંધનીય છે કે, પોલીસે કુલ બે આરોપીઓ સામે દુષ્પ્રેરણની ફરિયાદ નોંધી છે. શું છે સમગ્ર મામલ વડાલી શહેરના સગરવાસમાં આવેલા બ્રહ્મપુરી વિસ્તારમાં રહેતા વિનુ સગર ઝુંડાળાએ તેમના પત્ની કોકીલાબેન પુત્રી ક્રિષ્ના ઉર્ફે ભૂમિબહેન અને પુત્ર નિરવ અને નરેન્દ્ર ઉર્ફે શંકરને શનિવારે (12મી એપ્રિલ) વહેલી સવારે પોતાના ઘરે જંતુનાશક ઝેરી દવા પીવડાવીને પોતે ગટગટાવી સામૂહિક જીવનલીલા સંકેલી દેવાનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવાની ગંભીર અસરથી પતિ-પત્ની અને બે બાળકોના મોત નીપજ્યા હતા.

જ્યારે દીકરી હજુ ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ સામૂહિક આપઘાતે સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. આ પણ વાંચો: સુરતની વિદ્યાદીપ કોલેજનો છબરડો, બીજી એપ્રિલે લેવાની પરીક્ષા 27મી માર્ચે લઈ લીધી પરિવારના સામૂહિક આપઘાત મામલે પોલીસે ભદ્રરાજ ચૌહાણની ધરપકડ કરી છે, જે ખાનગી બેંકમાં લોન એજન્ટ તરીકે કામ કરે છે. ભદ્રરાજ પર આરોપ છે કે તે વારંવાર ધમકી આપતો હતો અને હપ્તા સમયસર ન ભરાતા પરિવારમાંથી વાહનો પડાવી લીધા હતા.

## જુદી-જુદી કંપની શરૂ કરી લોન અપાવવાની વાતોમાં ફસાવી ફી પેટે ઉઘરાણું કરતા ભેજાબાજને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે પકડ્યો



લોન અપાવવાના નામે મોટી મોટી વાતો કરી પ્રોસેસિંગ ફીના નામે લાખો રૂપિયા પડાવી લેનાર ભેજાબાજને પોલીસે ઝડપી પાડ્યો છે.સુરતમાં લોન અપાવવા માટે પ્રોસેસિંગ ફીના નામે 14 ગ્રાહકો પાસેથી રૂ.13,00,000 થી વધુ રકમ પડાવી લેવામાં આવી હોવાનો બનાવ બનતા પોલીસે વર્લ્ડ ગ્લોબલ વેલ્થ કેર પ્રા.લી ના કહેવાતા સંચાલક સામે ગુનો નોંધ્યો હતો.આવી જ રીતે ભોલે કૃપા ફીન સર્વના નામે લોન પ્રોસેસિંગ તેમજ અન્ય ચાર્જીસના નામે રૂ.1.22 લાખની છેતરપિંડી થતાં ઈડર પોલીસે ગુનો નોંધ્યો હતો.આ બંને ગુનામાં વડોદરાના ગજેન્દ્રસિંહ ભારતસિંહ જાદવ(ગ્લેસીયર કોમ્પ્લેક્સ જેતલપુર રોડ તેમજ આમ્રકુંજ સોસાયટી, ખોડીયાર નગર, વડોદરા, મૂળ રહે-મોરા ગામ તિલકવાડા) નું નામ ખુલતા ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી ગજેન્દ્રને ઝડપી પાડ્યો છે.

## રાજ્યની પાલિકામાં ઉર્દૂ ભાષી બોર્ડને પડકારતી અરજી સુપ્રીમે ફગાવી




મુંબઈ - મહારાષ્ટ્રની નગરપરિષદનું બોર્ડ ઉર્દૂમાં લખવા સામે વિરોધ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવીને દેશને ભાષાની વિવિધતા પ્રત્યે સન્માન આપતો ચુકાદો આપ્યો છે.અકોલા જિલ્લામાં પાતુર ખાતે નગરપરિષદની નવી ઈમારતનું બોર્ડ ઉર્દૂમાં લખવાની પરવાનગી આપતા બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજીને કોર્ટે ફગાવી દીધી છે. ઉર્દૂનો વપરાશ કરવાનો હેતુ માત્ર અસરકાર સંદેશવ્યવહાર કરવાનો છે અને ભાષાની વિવિધતાને માન આપવું જોઈએ. ન્યા. ધુલિયાએ આપેલા ચુકાદામાં ભાષાની વિવિધતાને માણવા અંગે નોંધપાત્ર નિરીક્ષણ કરાયું છે. ભાષાને લોકોમાં વિભાજન કરવાનું કારણ બનાવવું જોઈએ નહીં, એમ ચુકાદામાં અપીલ કરાઈ છે. નગર પરિષદ લોકોને સેવા પૂરી પાડવા માટે છે અને તેમના રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે છે. જો કેટલાંક લોકો ઉર્દૂથી પરિચીત હોય તો મરાઠી ઉપરાંત ઉર્દૂ ભાષાનો ઉપયોગ છેવટે નગર પરિષદના બોર્ડમાં કરવા સામે વાંધો હોવો જોઈએ નહીં. ભાષા લોકોના વિવિધ મંતવ્યો અને માન્યતા ધરાવતા લોકોને સાથે લાવે છે અને તેમના વિભાજનનું કારણ હોઈ શકે નહીં. આપણી ગેરમાન્યતા,પૂર્વગ્રહને હકીકત સામે મૂકવી જોઈએ. આપણી શક્તિ ક્યારેય કમજોરી બની શકે નહીં. આપણે ઉર્દૂ અને દરેક ભાષા સાથે મિત્રતા કરવી જોઈએ. ઉર્દૂ વિદેશી ભાષા નથી ભારતમાં જન્મી છે અને પ્રચલિત થઈ છે. ઉર્દૂ વિદેશી ભાષા હોવાની ખોટી માન્યતા પરથી પૂર્વગ્રહ નિર્માણ થયો છે. મરાઠી અને હિન્દીની જેમ ઉર્દૂ પણ ઈન્ડો આર્યન ભાષા છે. વિવિધ સંસ્કૃતિના લોકો તેમના વિચારો અને સંપર્ક વધારવાની જરૂરીયાત નિર્માણ થતાં ઉર્દૂનું નિર્માણ થયું હતું અને વખત જતાં ઘણા ખ્યાતનામ કવિઓની પસંદગી બની છે. આજે પણ સામાન્ય માણસોની ભાષામાં કેટલાંક ઉર્દૂ શબ્દો આવે છે

## જામનગરના ગોકુલ નગર સર્કલથી સમર્પણ સર્કલ સુધી 30 મીટર ડી.પી. રોડ બનાવવા માટે એસ્ટેટ શાખા દ્વારા મેગા ડીમોલેશન હાથ ધરાયું




જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ડિમોલેશનની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે, ત્યારે ગોકુલ નગર સર્કલથી સમર્પણ સર્કલ તરફ જવા માટેના 30 મીટર નવા ડી.પી. રોડ બનાવવાની પ્રક્રિયા હાથ ધરી લેવામાં આવી છે. જે રોડ પર અંદાજે 28 જેટલા આસામીઓ દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું, અને ગેરેજ, હોટલ તેમજ અન્ય નાના-મોટા ધંધાર્થીઓ દ્વારા કાચા પાકા બાંધકામો ખડકી દેવામાં આવ્યા હતા. ઉપરોક્ત તમામ દબાણોને દૂર કરી લેવા માટેની મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં અંતિમ નોટિસ પાઠવી દેવાઈ હતી. જેની પણ મુદત પૂરી થઈ ગઈ હોવાથી આજે જામનગર મહાનગરપાલિકાના કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવાની રાહબરી હેઠળ એસ્ટેટ શાખાનો 40 થી વધુ કર્મચારીઓ સાથેનો મોટો કાફલો ડિમોલેશન કાર્યમાં જોડાયો હતો, અને ગોકુલ નગર સર્કલથી સમર્પણ સર્કલ સુધીના માર્ગે ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. જુદા-જુદા ચાર જેસીબી મશીનો અને ટ્રેક્ટર સહિતની સામગ્રીનો ઉપયોગ કરીને વહેલી સવારથી ડિમોલેશન હાથ ધરાયું છે, અને 28 જેટલા કાચા પાકા દબાણો હટાવી લેવાનું શરૂ કરાયું છે, જેના માટે ભારે પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે.

## કેઈએમ હોસ્પિટલ ડોક્ટર દ્વારા 6 સાથી મહિલા તબીબની જાતીય સતામણી



મુંબઇ - મુંબઇ મહાનગર પાલિકા સંચાલિત કેઇએમ હોસ્પિટલમાં એક ડોક્ટર પર જાતીય સતામણીનો આરોપ કરવામાં આવ્યો છે. હોસ્પિટલના ફોરેન્સિક વિભાગમાં એડિશનલ પ્રોફેસર તરીકે કાર્યરત ડોક્ટર સામે છ મહિલા ડોક્ટરોએ લેખિતમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં એવો આરોપ કરવામાં આવ્યો છે કે ડોક્ટર લાંબા સમયથી મહિલા સહકર્મીઓને માનસિક અને શારીરિક રીતે હેરાન કરતા હતા. સૌ પ્રથમ જૂન ૨૦૨૩માં હોસ્પિટલમાં કામ કરતી ૩૨ વર્ષની એક મહિલા ડોક્ટરે આ બાબતે ફરિયાદ નોંધાવી હતી. આ ડોક્ટર સામે એવો આરોપ કરવામાં આવ્યો છે કે તેઓ સેલ્ફી લેવાના બહાને મહિલા ડોક્ટરોને તેમની પાસે બોલાવતા હતા અને પછી તેમને પીઠ અને અન્ય અંગો પર અનિચ્છનીય સ્પર્શ કરતા હતા. પીડિતાએ એવું પણ જણાવ્યું હતું કે વિભાગના કોઈપણ આયોજન અથવા કોન્ફરન્સ દરમિયાન તેઓ બહુ નજીક આવવાનો પ્રયાસ પણ કરતા. ફેબ્રુઆરી ૨૦૨૫માં બનેલી એક ઘટના બાબતે પીડિતાએ જણાવ્યું હતું કે આરોપી ડોક્ટરે તેમની પીઠ પર હાથ ફેરવ્યો હતો જે દ્રશ્ય અન્ય બે મહિલા ડોક્ટરોએ પણ જોયું હતું. માર્ચ ૨૦૨૫માં પણ એક મહિલા ડોક્ટર સાથે આવી જ ઘટના બની હતી. ૧૦ એપ્રિલ ૨૦૨૫ના છ મહિલા ડોક્ટરોએ મળી આ મામલે હોસ્પિટલના ડીન ડો. સંગીતા રાવતને એક લેખિત ફરિયાદ સોંપી હતી.

## જામનગરમાં રહેણાંક મકાનમાંથી જુગારધામ ઝડપાયું : એલસીબીના દરોડામાં મકાન માલિક સહિત 7 જુગારીઓ પકડાયા




જામનગરમાં ગોકુલ નગર નજીક પાણાખાણ શેરી નંબર એકમાં રહેતા નારણભાઈ વેજાણંદભાઈ ડેર નામના વેપારી શખ્સના મકાનમાં ચાલતા જુગારધામ પર ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડી ત્રાટકી હતી, જે દરમિયાન 7 જેટલા જુગારીઓ ગંજીપાના વડે જુગાર રમતાં મળી આવ્યા હતા. આથી પોલીસે નારણભાઈ ડેર ઉપરાંત વનરાજભાઈ સવજીભાઈ પારજીયા, રમેશ બાબુભાઈ મકવાણા, ભીખુભાઈ પોલાભાઈ ડાંગર, સંજય બાબુભાઈ તારાવીયા, અજય ભીખુભાઈ જંડાલિયા તેમજ ગોવિંદભાઈ નાથાભાઈ રાઠોડની પોલીસે અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા 67,000ની માલમતા કબજે કરી છે.

## લાલપુર નજીક બાઈક અને કાર વચ્ચે ગોઝારો અકસ્માત : કાકા-ભત્રીજાને ગંભીર ઈજા થયા બાદ કાકાનું કરુણ મૃત્યુ



જામનગર નજીક પડાણા ગામના પાટીયા પાસે એક કાર અને બાઈક વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર લાલપુર તાલુકાના ડબાસંગ ગામના ખેડૂત કાકા ભત્રીજાને ઈજા થઈ હતી. જેમાં બાઈકની પાછળ બેઠેલા કાકાનું ગંભીર ઈજા થયા બાદ મૃત્યુ નીપજ્યું છે, જ્યારે ભત્રીજાની સારવાર ચાલી રહી છે. પોલીસે કારચાલક સામે ગુનો નોધ્યો છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના ડબાસંગ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા કલ્પેશભાઈ નાયાભાઈ પિંગળસુર (ઉ.વ.23) કે જે ગઈકાલે પોતાના કાકા પાલાભાઈ દેવશીભાઈ (ઉંમર-60) ને પોતાના બાઈકમાં પાછળ બેસાડીને જાખર ગામમાં રહેતા પોતાના એક કુટુંબીને હાર્ટ એટેક આવી ગયો હોવાથી તેઓની તબિયત પૂછવા માટે જઈ રહ્યા હતા. જે દરમિયાન પડાણા ગામના પાટીયા પાસે સામેથી આવી રહેલી જી.જે.10 ડી.એ. 5329 નંબરની અલ્ટો કારના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં પાલાભાઈ પિંગળસુરને ગંભીર ઈજા થઈ હોવાથી તેઓનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે બાઈક સવાર કલ્પેશભાઈને નાની મોટી ઈજા થઈ હોવાથી તેને સારવાર આપવામાં આવી રહી છે આ અકસ્માતના બનાવની જાણ થતાં મેઘપર પોલીસ સ્ટેશનના પીઆઈ અને તેમનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

## ગાંધીનગરમાં રફતારનો કહેરઃ પૂરપાટ ઝડપે આવતી કારે યુવતીને અડફેટે લીધી, ઘટનાસ્થળે જ મોત



ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. ગુરૂવારે (17 એપ્રિલ) ગાંધીનગરમાં તપોવન સર્કલ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કારે ટક્કર મારતા ચાંદખેડાની એક યુવતીનું મોત નિપજ્યું છે. શું હતી ઘટના? મળતી માહિતી મુજબ, ગાંધીનગરના તપોવન સર્કલ પાસે પૂરપાટ ઝડપે આવતી કારે એક યુવતીને ટક્કર મારી હતી. સમગ્ર ઘટનાનો સીસીટીવી વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે.

સીસીટીવીમાં જોવા મળી રહ્યું છે કે, પૂરપાટ ઝડપે કાર આવી રહી છે. કારચાલક ગાડી પરથી પોતાનો કાબૂ ગુમાવતો કાર ડિવાઈડર કૂદીને સર્વિસ રોડ પર આવે છે અને એક યુવતીને અડફેટે લઈ લે છે. જેમાં યુવતીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. આ પણ વાંચો: હિંમતનગર-શામળાજી હાઈવે પર પીક-અપ વાને બાઈક પર જતા દંપતીને ફંગોળ્યું, પત્નીનું મોતNextબે દિવસમાં એક જ જગ્યાએ બે અકસ્માતમળતી માહિતી મુજબ, મૃતક યુવતી અમદાવાદના ચાંદખેડા વિસ્તારની રહેવાસી છે. જોકે, આ મામલે કાર ચાલક સામે ગુનો દાખલ થયો છે કે કેમ તે વિશે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. નોંધનીય છે કે, 15 એપ્રિલના રોજ સાંજે 6 વાગ્યાના સુમારે તપોવન સર્કલથી ઝુંડાલ તરફ જતા રસ્તા પર (GJ-01-WF-6436) નંબરની હોન્ડા અમેઝ કારે ચાંદખેડાની જ એક 25 વર્ષીય યુવતીને અડફેટે લીધી હતી. આ ગંભીર અકસ્માતમાં તેનું પણ મોત નિપજ્યું હતું. આ પણ વાંચો: મોરબીના અણિયાળી ટોલનાકા નજીક બોલેરો પીક-અપ વાન પલટી, 2 મોત,12થી વધુને ઈજાગુજરાતનો ગોઝારો ગુરૂવારઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં એક દિવસમાં આ ચોથો અકસ્માત છે.

વહેલી સવારે હિંમતનગરથી માતાના મઢે દર્શન કરવા રીક્ષામાં જઈ રહેલા શ્રદ્ધાળુને સમી-રાધનપુર હાઈવે પર અકસ્માત નડ્યો હતો. સમી નજીક આવેલી હોટલ પાસે બસે રીક્ષાને અડફેટે લેતાં રીક્ષાનો કચ્ચરણખાણ વળી ગયો હતો અને રીક્ષામાં સવાર તમામ 5થી વધુ શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા હતા. આ સિવાય મોરબીના માળિયામાં બોલેરો પીકઅપ પલટી જતાં તેમા સવાર 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને 2 લોકોના નિપજ્યા હતાં. તેમજ વહેલી સવારે હિંમત-નગર નેશનલ હાઈવે પર પણ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકઅપ વાહને બાઈકને અડફેટે લેતાં બાઈકમાં સવાર પતિ-પત્ની ભોગ બન્યા હતાં. અકસ્માતમાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

## અમદાવાદના ખોખરામાં આવેલા શરણમ-5માં લાગી આગ, ફાયર વિભાગની પાંચ ટીમ ઘટનાસ્થળે




અમદાવાદના ખોખરામાં અઠવાડિયામાં બીજીવાર આગની ઘટના સામે આવી છે. ખોખરા વિસ્તારમાં અનુપમ સિનેમા નજીક શરણમ-5 એપાર્ટમેન્ટના ચોથા માળે આવેલા જીન્સના કાપડની દુકાન આગ લાગી હોવાની માહિતી મળી છે. જોકે, હાલ કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. આગ લાગી હોવાની જાણ થતાં 15 ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. અમદાવાદના ખોખરામાં આવેલા શરણમ-5માં લાગી આગ, ફાયર વિભાગની પાંચ ટીમ ઘટનાસ્થળે શું હતી ઘટના? મળતી માહિતી મુજબ, શહેરના ખોખરા વિસ્તારમાં અનુપમ સિનેમા નજીક શરણમ-5માં જીન્સ બનાવવાના શેડમાં આગની ઘટના સામે આવી છે. શરણ-5માં ચોથા માળે સી-401 નંબરમાં જીન્સ બનાવવાનું કારખાનું આવેલું છે. જેમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. ચોથા માળે ભીષણ આગ લાગતા આસપાસના વિસ્તારમાં ધુમાડો થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં તુરંત જ ફાયર વિભાગની પાંચ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગ ઓલવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. નોંધનીય છે કે, હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે આવી નથી.4આગની ઘટનાને 2 કલાક જેટલો સમય વિતી ચૂક્યો હોવા છતાં આગ પર કાબૂ મેળવી શકાયો નથી. અત્યાર સુધીમાં પાંચ જેટલી ફાયર ફાઈટરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી છે.

2 લાખ લીટર જેટલો પાણીનો મારો ચલાવવામાં આવ્યો છે છતાં આગ બેકાબૂ છે. જીન્સના કાપડનો મોટા પ્રમાણમાં સ્ટોક હોવાથી આગ ભીષણ બની છે. શરણમ-5માં ધાબા ઉપર ગેરકાયદે શેડ બનાવવામાં આવ્યાનું પણ સામે આવ્યું છે. જેને લઈને તંત્ર સામે સવાલો ઉભા થયા છે. આ પણ વાંચો: હિંમતનગર-શામળાજી હાઈવે પર પીક-અપ વાને બાઈક પર જતા દંપતીને ફંગોળ્યું, પત્નીનું મોતઅમદાવાદના ખોખરામાં આવેલા શરણમ-5માં લાગી આગ, ફાયર વિભાગની પાંચ ટીમ ઘટનાસ્થળેડિવિઝનલ ફાયર ઓફિસર સ્વસ્તિક જાડેજાના જણાવ્યા અનુસાર, અમને માહિતી મળતા તુરંત જ આગ ઓલવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આગ આસપાસના કોમર્શિયલ વિસ્તારમાં ફેલાતી અટકાવવા માટે તુરંત ફાયરની ટીમ ઘટનાસ્થળે મોકલી દેવામાં આવી હતી. ફાયર કર્મચારીઓએ સમયસર બિલ્ડિંગ ખાલી કરાવી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો છે. જોકે, આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગ લાગવાનું કારણ અકબંધજોતજોતામાં આગે વિશાળ સ્વરૂપ લઈ લેતા એપાર્ટમેન્ટ તેમજ આસપાસના લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. હાલ, ફાયરની ટીમ પાણીનો મારો ચલાવી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસની ટીમ તેમજ એમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, જેથી કોઈ આપતકાલીન સ્થિતિમાં તુરંત મદદ મળી રહે.

નોંધનીય છે કે, હજુ સુધી આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. આ પણ વાંચો: અમદાવાદમાં ખોખરાના પરિષ્કર એપાર્ટમેન્ટમાં આગ, લોકોએ કૂદકા મારીને જીવ બચાવ્યાસાત દિવસમાં એક જ વિસ્તારમાં બીજો આગનો બનાવઉલ્લેખનીય છે કે, ગત 11 એપ્રિલે પણ ખોખરા વિસ્તારમાં પરિષ્કાર-1 એપાર્ટમેન્ટમાં સી બ્લોકમાં ચોથા માળ પર આગ લાગવાની ઘટના સર્જાઈ હતી. આગના બનાવને પગલે ફાયર બ્રિગેડની 7 ગાડી અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. જેમાં ફાયર વિભાગની ટીમ દ્વારા 18 લોકોને રેસ્ક્યુ કરીને બચાવવામાં આવ્યા હતા. હાલ આગ પર કાબૂ મેળવી લેવાયો છે. સદનસીબે આ ઘટનામાં પણ કોઈ જાનહાનિ નોંધાઈ નહતી.

# હિંમતનગર-શામળાજી હાઈવે પર પીક-અપ વાને બાઈક પર જતા દંપતીને ફંગોળ્યું, પત્નીનું મોત




ગુજરાતમાં સતત અકસ્માતના બનાવોમાં ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. ગુરૂવારે (17 એપ્રિલ) સવારે હિંમત-નગર નેશનલ હાઈવે પર પણ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકઅપ વાહને બાઈકને અડફેટે લેતાં બાઈકમાં સવાર પતિ-પત્ની ભોગ બન્યા હતાં. અકસ્માતમાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. શું હતી ઘટના? મળતી માહિતી મુજબ, હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે પર કાંકણોલ સ્વામીનારાયણ મંદિર નજીકથી એક દંપતી બાઈક પર સવાર હતું. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા પીકઅપ વાહને બાઈકને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બંને દંપતી ફંગોળાઈને જમીન પર પટકાયા હતાં. અકસ્માતમાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું અને પતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતાં અને તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ પત્નીએ પતિની સામે દમ તોડી દીધો હતો. હાલ, પતિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને પત્નીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. આ પણ વાંચોઃ પાટણના સમી-રાધનપુર હાઈવે પર બસ અને રીક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત, પાંચના કરૂણ મોત પોલીસે હાથ ધરી તપાસસમગ્ર ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સની સાથે પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ મામલે વિગતે માહિતી મેળવી ગુનો દાખલ કર્યો હતો. હાલ, પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો દાખલ કરી આસપાસના સીસીટીવાના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, મહિલાનો પોસ્ટ મોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પણ વાંચોઃ અમદાવાદમાં અસામાજિક તત્ત્વોનું ગુંડારાજ, યુવકનું અપહરણ કરી માર માર્યો, પોલીસની આબરૂ દાવ પર નોંધનીય છે કે, ગુજરાતમાં એક દિવસમાં આ ત્રીજો અકસ્માત છે. વહેલી સવારે હિંમતનગરથી માતાના મઢે દર્શન કરવા રીક્ષામાં જઈ રહેલા શ્રદ્ધાળુને સમી-રાધનપુર હાઈવે પર અકસ્માત નડ્યો હતો. સમી નજીક આવેલી હોટલ પાસે બસે રીક્ષાને અડફેટે લેતાં રીક્ષાનો કચ્ચરણખાણ વળી ગયો હતો અને રીક્ષામાં સવાર તમામ 5થી વધુ શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા હતા. આ સિવાય મોરબીના માળિયામાં બોલેરો પીકઅપ પલટી જતાં તેમા સવાર 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને 2 લોકોના નિપજ્યા હતાં.

# વડોદરાના શાસકોએ પ્રજાની મજાક ઉડાવી : સમા વિસ્તારમાં પીવાના પાણીના હોબાળા બાદ સોસાયટી વચ્ચે પાણીનું એક જ ટેન્કર મોકલ્યું



વડોદરાના સમા મહિલાઓએ મોરચો કાઢી કોર્પોરેશન ઓફિસે હતી, ત્યારે પોલીસે બળ હતી. આ બનાવ બાદ ભાજપ શાસકોએ આખી મોકલીને સ્થાનિક પ્રજાની લાગે છે. મહિલાઓએ કહ્યું કેટલાય દિવસથી રજૂઆતો સાંભળતું ન હતું. હોબાળો છે, પરંતુ ટેન્કરમાંથી પણ ખાતે પીવાના પાણી મામલે પોતાના હક માટે વોર્ડ-2 ની આવેદન પત્ર આપવા જતી પ્રયોગ કરી અટકાયત કરી ત્રાહિમામ ગરમી વચ્ચે સોસાયટી વચ્ચે એક ટેન્કર મજાક ઉડાવી હોય તેમ હતું કે પાણી માટે છેલ્લા કરતા હતા, પણ કોઈ મચ્યો એટલે ટેન્કર મોકલી પાણી લીકેજ થયા કરે છે. રોડ ધોવાઈ ગયો હોય એવી ટેન્કર મોકલી છે. એક ડોલ પાણીમાં એક ઘરનું કેવી રીતે પૂરું થઈ શકે? વડોદરાના ઈલેક્શન વોર્ડ 2 માં મહાકાળી સોસાયટી, સચ્ચિદાનંદ સોસાયટી, આમ્રપાલી સોસાયટી અને રાધાનગરના રહીશો ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે સ્થાનિક કોર્પોરેટર તેમજ કોર્પોરેશનના અધિકારીઓને ઘણી વાર રજૂઆત કરી થાક્યા હતા. તેમ છતાં કોઈ  નિકાલના આવતા બે દિવસ અગાઉ બાપા સીતારામ મઢુલી, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સામે ભેગા થયા હતા, તે સમય પોલીસ આવી પહોંચી હતી અને પોલીસે મહિલાઓ સાથે ઝપાઝપી કરી હતી, અને 14 ને ડિટેન કર્યા હતા. જોકે પોલીસની આ કથીત ગેર વર્તણુક સામે ડીસીપીને તપાસ સોંપવામાં આવી છે. મહિલાઓનો પણ એક જ આક્રોશ હતો કે શું પાણી માંગવું એ અમારો ગુનો હતો?

# વડોદરામાં NDPSના બે ગુનાના આરોપીઓના વડુમાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફરી વળ્યું



વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના વડું ખાતે નશાના કારોબાર સંબંધિત કલમ એનડીપીએસ એક્ટ હેઠળના ગુનાઓમાં સંડોવાયેલા બે આરોપીના ગેરકાયદે દબાણો પર તંત્રએ બુલડોઝર ફેરવી મોટી કિંમતની જગ્યાને ખુલ્લી કરી દીધી હતી. એનડીપીએસ ગુનામાં સંડોવાયેલા સલીમભાઈ ઉર્ફે સલામતઅલી હસનભાઈ સૈયદ (રહે.વડું નવીનગરી તા.પાદરા જી.વડોદરા) અને અનવરભાઈ ઉર્ફે સુરતી કાસમભાઈ શેખ (રહે.વડું તા.પાદરા જી.વડોદરા) ના ગેરદાયદેસર દબાણો પર સરકારનું બુલડોઝર ફરી વળ્યું છે. સલીમભાઈ ઉર્ફે સલામતઅલી હસનભાઈ સૈયદ સામે ગોત્રી, ગોરવા, એસઓજી-વડોદરા, પાણીગેટ, પાદરા અને વડોદરા સિટી પોલીસ મથકમાં મળીને 6 જેટલા એનડીપીએસના ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે અનવરભાઈ ઉર્ફે સુરતી કાસમભાઈ શેખ સામે બાપોદ, વડું અને વાઘોડિયામાં મળીને એનડીપીએસના ત્રણ ગુનાઓ નોંધાયેલા છે. તાજેતરમાં બંનેના ગેરકાયદેસર દબાણો પર સરકારનું બુલડોઝર ફરી વળ્યું છે. જેમાં સલીમભાઈ ઉર્ફે સલામતઅલી હસનભાઈ સૈયદનું 170 ફૂટ જેટલી જગ્યાનું ગેરકાયદેસર દબાણ દુર કરવામાં આવ્યું છે.

જેની અંદાજી કિંમત રૂ. 5 લાખ આંકવામાં આવી રહી છે. જ્યારે અનવરભાઈ ઉર્ફે સુરતી કાસમભાઈ શેખની 10 બાય 10 જેટલી જગ્યા પરના ગેરકાયદેસર દબાણોનો સફાયો કરવામાં આવ્યો છે. જેની અંદાજીત બજાર કિંમત રૂ. 50 હજાર આંકવામાં આવી રહી છે. બંને કિસ્સામાં મળીને કુલ રૂ. 5.50 લાખની જમીનને દબાણ મુક્ત કરવામાં આવી છે.

# જુહાપુરામાં કારચાલકની હત્યા મામલે 4 આરોપી ઝડપાયા, 7-8 વાહનોને મારી હતી ટક્કર



અમદાવાદના જુહાપુરામાં આવેલી આયશા મસ્જિદ પાસે એક કાર ચાલકે પૂરપાટ ઝડપે અનેક વાહનોને અડફેટે લઈને ભયનો માહોલ સર્જતા સ્થાનિક લોકોએ કારને રોકીને કારચાલક કૌશિક ચૌહાણને માર માર્યો હતો. જેમાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત અને હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. જેમાં સીસીટીવી ફૂટેજ અને બાતમીને આધારે કૌશિક ચૌહાણની હત્યામાં સંડોવાયેલા ચાર આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસને કારમાંથી એક પ્લાસ્ટીકનો ગ્લાસ મળી આવ્યો હતો. જેમાં દારૂની વાસ આવતી હોવાથી તેણે દારૂ પીધો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.  નશાની હાલતમાં અનેક વાહનોને અડફેટે લીધા શહેરના ઈસનપુરમાં આવેલા વિશાલનગરમાં રહેતો 39 વર્ષીય કૌશિક ચૌહાણ મંગળવારે રાત્રે અગિયાર વાગ્યાના સુમારે કાર લઈને વાસણા એપીએમસી તરફ જતો હતો ત્યારે તેની કારથી તેણે બે થી ત્રણ ટુ વ્હીલર ચાલકોને અડફેટે લીધા હતા. જેના કારણે કેટલાંક લોકોએ પીછો કરતા તેણે કારને પૂરઝડપે હંકારીને જુહાપુરા તરફ લઈ જઈને આયશા મસ્જિદ સુકુન સોસાયટી તરફ લીધી હતી. આ સમયે પણ કારની સ્પીડ વધારે હોવાથી તેણે રસ્તા પર કેટલાંક વાહનચાલકોને અડફેટે લીધા હતા. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ પણ વાંચોઃ અમદાવાદના જુહાપુરામાં કારચાલકે 7-8 વાહનોને અડફેટે લીધા, ટોળાના મારથી મોતની આશંકા બાદમાં સ્થાનિક લોકોએ કારને રોકીને કૌશિકને બહાર કાઢીને માર મારીને કારમાં તોડફોડ કરી હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા વેજલપુર પોલીસ સ્ટેશન અને એમ ડીવીઝન ટ્રાફિક પોલીસનો સ્ટાફ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા અને સ્થિતિ કાબુમાં લીધી હતી. સ્થાનિકો દ્વારા માર મારવાના કારણે કૌશિકને ગંભીર ઈજા થતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતું. આ પણ વાંચોઃ હિંમતનગર-શામળાજી હાઈવે પર પીક-અપ વાને બાઈક પર જતા દંપતીને ફંગોળ્યું, પત્નીનું મોત પોલીસે ચાર આરોપીની કરી ધરપકડ આ બનાવ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધીને સીસીટીવી અને મોબાઈલ ફૂટેજ તેમજ બાતમીને આધારે જુહાપુરાના રહેવાસી અકિલ લંઘા, સલમાન શેખ અને વેજલપુરના રહેવાસી ઈર્શાદ શેખ અને સૈયદ મૈફુઝને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# વડોદરામાં માંડવી ગેટની આર્ક વચ્ચે ટેકા તરીકે લોખંડના થાંભલા મુકતા તિરાડો પડી



વડોદરામાં ઐતિહાસિક માંડવી ગેટની હાલત નાજુક છે, અને તાત્કાલિક રિસ્ટોરેશન કાર્ય કરવામાં નહીં આવે તો ગમે ત્યારે નીચે પડી જાય તેવો ભય આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારી વ્યક્ત કરી ચૂક્યા છે. બીજી બાજુ માંડવી ગેટમાં ટેકા તરીકે લોખંડના જે થાંભલા મુકવામાં આવી રહ્યા છે તે સંરક્ષણને બદલે વધુ નુકસાન પહોંચાડી શકે તેમ છે. નિષ્ણાતોના કહેવા મુજબ માંડવી ગેટની આર્ક વચ્ચે જે ગર્ડર મૂકવામાં આવે છે, તેના લીધે આર્ક ઉપર દબાણ વધતાં તિરાડો પડી રહી છે. ગર્ડરને લીધે આર્ક પર રિવર્સ પોઈન્ટ લોડ વધે છે, અને તેના કારણે તિરાડ પડે છે. ગર્ડરના ટેકા ખોટી રીતે મૂકવામાં આવી રહ્યા છે. આના કારણે આર્ક પર લોડ વધવાથી તિરાડ વધુ પહોળી થશે. પીલરની સાથે સાથે બે આર્ક પર પણ તિરાડો પડી હોવાનું જણાઈ રહ્યું છે. પિલર પર ઉભી તિરાડો પડતા તેના લીધે બે ત્રણ વખત પોપડા પણ પડેલા છે, જે લોકોના ધ્યાને આવતા માંડવી ગેટની નાજુક હાલત બહાર આવી હતી. જોકે કોર્પોરેશન કહે છે કે હેરિટેજ સ્ટ્રક્ચરની કામગીરીની જાણકાર એજન્સી દ્વારા ટેકા મૂકવાનું ફ્રેમ વર્ક ઊભું કરાયું છે. આ સ્થિતિ વચ્ચે રિસ્ટોરેશનની કામગીરી જલ્દી કરવી પડશે. રિસ્ટોરેશનનું કાર્ય કરવા માટે કંઝર્વેશન આર્કિટેકની જરૂર પડશે. અહીં નજીકમાં જેમ વાહનોનું હલનચલન વધુ રહેશે તેમ ધ્રુજારી પણ વધુ થશે. જેના કારણે સ્ટ્રક્ચરને હજી વધુ નુકસાન થઈ શકે તેવો ભય છે.

# પારડીના મોતીવાડાની કંપનીમાં આગ લાગતા અફરાતફરી : લાશ્કરોએ આગ પર કાબુ મેળવવા કવાયત આદરી



પારડીના મોતીવાડા ગામની સીમમાં આવેલી કંપનીમાં આજે ગુરૂવારે સવારે અચાનક આગ સળગી ઉઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગ લાગતા જ કર્મચારીઓ બહાર નિકળી જતા બચાવ થયો હતો. પ્રાપ્ત માહિતિ અનુસાર પારડીના મોતીવાડા ગામે સેનેટરી પેડ બનાવતી આકાર પ્રા.લિ. નામક કંપની આવેલી છે. આજે ગુરૂવારે સવારે કંપનીમાં અચાનક આગ સળગી ઉઠી હતી. આગ લાગતા જ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ બહાર નિકળી જતા બચાવ થયો હતો. જો કે આગ વધુ આક્રમક બનતા આખી કંપની લપેટમાં આવી જતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગના ધુમાડા આકાશમાં દૂર દૂર સુધી ફેલાઈ જતા લોકોમાં ગભરાટ મચી ગયો હતો.  ઘટનાની જાણ થતા પારડી, વાપી નોટિફાઈડ સહિતના વિસ્તારના પાંચથી વધુ બંબા ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બાદમાં લાશ્કરોએ આગ પર કાબુ મેળવવા કવાયત આદરી હતી. કંપનીમાં આગ કયા કારણોસર લાગી તે હાલ બહાર આવ્યું નથી. એફએસએલના રિપોર્ટ બાદ કારણ બહાર આવી શકશે.

# મોરબીના અણિયાળી ટોલનાકા નજીક બોલેરો પીક-અપ વાન પલટી, 2 મોત,12થી વધુને ઈજા



ગુજરાતમાં રોડ અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે આજે (17મી એપ્રિલ) મોરબીના માળિયામાં અણિયાળીટોલનાકા નજીક બોલેરો પીક અપ વાન પલટી જતા દંપતિનું મોત નીપજ્યું છે, જ્યારે 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, માળિયાના અણિયાળી ટોલનાકા નજીક બોલેરો પીકઅપ પલટી જવાની ઘટના સામે આવી છે. બોલેરોમાં 15 કરતા વધુ મુસાફરો બેઠા હતા અને આ દરમિયાન ડ્રાઈવરે અચાનક સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે બોલેરો પીકઅપ પલટી મારી ગઈ હતી. જેમાં દંપતિના મોત થયા છે અને 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાળીનો ફોટો સ્ટેટસમાં મુકનારને ઠપકો આપવા જતાં જામનગરના યુવાન પર છરી વડે હુમલો કરાયો




જામનગરમાં બ્રેડેશ્વર નજીક ગરીબ નગર પાણાખાણ વિસ્તારમાં રહેતા મહમદ અબ્બાસભાઈ શેખ નામના 26 વર્ષના યુવાને પોતાના ઉપર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે માધાપર ભુંગામાં રહેતા નવાજ ઉર્ફે ટાયડી નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે, જ્યારે તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ છે.  પોલીસને આ મામલાની જાણ કરવામાં આવી હતી, અને પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ ફરિયાદી મહમદભાઈની સાળીનો ફોટો પોતાના મોબાઈલ ફોનના સ્ટેટસમાં મુક્યો હતો, જે અંગેની ના પાડવા જતાં ઉસ્કેરાઈ જઈ આ હુમલો કરાયાનું પોલીસ સમક્ષ જણાવાયું છે

# વડોદરાના વાઘોડિયા રોડ ઉપર રસ્તાના કટ બંધ કરવાના બોલાર્ડ કોઈ ચોરી ગયું !



વડોદરા શહેરના વાઘોડિયા રોડ સ્થિત સનરાઈઝ કોમ્પ્લેક્સની સામે રસ્તા પરના કટ બંધ કરવા લગાવેલ બોલાર્ડ અજાણ્યો શખ્સ ચોરી ગયાની ફરિયાદ કોર્પોરેશનને નોંધાવી છે. હાલ અનેક સ્થળોએ બોલાર્ડ તૂટેલી હાલતમાં માર્ગ ઉપર પણ પડ્યા છે. વડોદરા શહેરમાં અકસ્માતોનું પ્રમાણ વધતા એક્શનમાં આવેલ કોર્પોરેશન અને પોલીસે સંકલન કરી માર્ગો ઉપરના બિનજરૂરી કટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. ઘણા કટ બંધ થયા હતા તો ઘણા વિરોધના કારણે અટકી પડ્યા છે. તો ઘણા સ્થળોએ કટ બંધ કર્યા બાદ લોકોએ તોડી પાડ્યા છે. તેવામાં હવે કટ બંધ કરવા માટે ઉપયોગમાં લેવાતા બોલાર્ડ ચોરીની ઘટના સામે આવી છે. ટ્રાફિક શાખાના દિશા નિર્દેશ અનુસાર વડોદરા કોર્પોરેશન દ્વારા 23 માર્ચના રોજ વાઘોડિયા રોડ સનરાઈઝ કોમ્પ્લેક્સ સામે આવેલ કટ બોલાર્ડ ખીલા મારી લગાવી ટ્રાફિક બંધ કર્યો હતો.

# વડોદરાના માંજલપુરમાં ક્રિકેટ રમવાના ઝઘડામાં યુવક પર પાઈપથી હુમલો



વડોદરાના માંજલપુરમાં દરબાર ચોકડી પાસે સાંઈનાથ હાઉસિંગમાં રહેતા અને ચાની લારી ચલાવતા શૈલેષભાઈ બારીયાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે હું તથા મારો મિત્ર બોડો તથા કિરણ ભેગા મળીને શંકર નગરના મેદાનમાં ક્રિકેટ રમતા હતા. ક્રિકેટ નહીં રમવા બાબતે અમારી સાથે ભોલો રમેશભાઈ (રહે-કોઠીની સામેની ગલીમાં, માંજલપુર ) અમારી સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ અમારી વચ્ચે અંદરો અંદર સમાધાન થઈ ગયું હતું. બીજે દિવસે સાંજે 7:30 વાગ્યે હું ચાલતો મારા ઘરે જતો હતો તે સમયે શંકર નગરના ગેટ પાસે ભોલાએ મને કહ્યું કે કાલે તું દાદાગીરી કેમ કરતો હતો? ત્યારબાદ તેણે મને ગાળો બોલી લોખંડની પાઈપ વડે મારા માથામાં ફટકો માર્યો હતો. દરમિયાન મારા મિત્રો અને મારો ભાઈ દોડી આવતા ભોલો ત્યાંથી ભાગી ગયો હતો. ત્યારબાદ મારી પત્ની મને લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગઈ હતી.

## જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી 'જનતાની સેવા માટે, જનતાના દરવાજે' કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને લોકોના પ્રશ્નો સાંભળ્યા



જામનગરના 79 દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા પોતાના વિધાનસભા વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના પ્રશ્નોને વાચા આપવા માટેના 'જનતાની સેવા માટે જનતા ના દરવાજે' શીર્ષક હેઠળના પ્રકલ્પનો આજથી જ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, અને સ્થાનિક નાગરિકોની વચ્ચે ઉપસ્થિત રહી તેઓના પ્રશ્નોને વાચા આપવા માટેના પ્રયાસો કર્યા છે. ત્યારે તેઓની સાથે વોર્ડ નંબર 16 ના સ્થાનિક કોર્પોરેટર પાર્થ કોટડીયા, ગીતાબા જાડેજા તથા ભારતીબેન ભંડેરી, વોર્ડ પ્રમુખ-મહામંત્રી, કાર્યકર્તાઓ વગેરે પણ જોડાયા હતા, અને સ્થાનિક નાગરિકોના પ્રશ્નને સાંભળી તેની વિશેષ નોંધ લીધી હતી. આજે સૌ પ્રથમ વોર્ડ નંબર 16 ના નાગરિકો માટે સવારે 9.30 વાગ્યાથી બપોરે 12.30 વાગ્યા સુધી સાધના કોલોની વિસ્તારમાં આવેલા સિધ્ધનાથ મહાદેવના મંદિરે (જલારામ મંદિર પાસે) આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપરોક્ત વિસ્તારના નાગરિકોએ હાજર રહીને પોતાના પ્રશ્નો અંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં કેટલાક પ્રશ્નોનું નિરાકરણ તો ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા સ્થળ પર કરાવી દેવામાં આવ્યું હતું, જયારે અન્ય કેટલાક પ્રશ્નોને સાંભળીને તેનું વહેલી તકે નિરાકરણ લાવવા માટેની ખાતરી પણ આપી હતી. જેથી સ્થાનિક લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ વેળાએ સ્થાનિક કોર્પોરેટરો પણ જોડાયા હતા, અને તેઓએ તમામ મુદ્દાની નોંધ લીધી હતી.

## વધુ એક યુવતી બની અંધશ્રદ્ધાનો ભોગ! વલસાડના પલસાણા ગામે ભુવાએ શરીર પર 8 ડામ આપતા મોત

વલસાડના પલસાણા ગામે રહેતી યુવતીનું મોત થયા બાદ માતાજી આવતા હોવાની અંધશ્રદ્ધાને લઈ તાંત્રિક વિધી કરાવની વેળા ડામ આપતા દાઝી જતા મોત થયાની ચર્ચા ઊઠી છે. અંતિમ વિધી સમયે મૃતકના શરીર પર 8થી વધુ ડામ હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસે પૂછપરાક આદરી છે. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા વિસેરા ફોરેન્સિંક લેબમાં મોકલી દીધા છે. જાણો શું છે મામલ





મળતી માહિતી અનુસાર, પલસાણા ગામે રહેતા અર્જુન હળપતિની 22 વર્ષીય પુત્રી દિવ્યા થોડા દિવસ પહેલા દાઝી જતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકના પિતાએ સારવાર દરમિયાન પુત્રીને ખેંચ આવતા મૃત્યુ થયા અંગે પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ સ્મશાન ભૂમિમાં અંતિમ વિધી દરમિયાન મૃતકના શરીર પર 8થી વધુ ડામના નિશાન મળી ખાવતા ડાઘુઓ પણ ચોકી ગયા હતા. આ પણ વાંચોઃ અમદાવાદમાં અસામાજિક તત્ત્વોનું ગુંડારાજ, યુવકનું અપહરણ કરી માર માર્યો, પોલીસની આબરૂ દાવ પર આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા વાઈરલ થતા દિવ્યાના મોત કેસમાં નવો વળાંક આવ્યો છે. પોલીસે કોઝ ઓફ ડેથ અને પીએમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ સામે આવશે. વીડિયો વાઈરલ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પૂછપરછ આદરી હતી. ગામના લોકોમાં ચાલતી ચર્ચા મુજબ, મૃતકને માતા આવતા હોવાની અંધશ્રદ્ધાના કારણે ભુવા પાસે તાંત્રિક વિધી કરાવતી વેળા ડામ આપતા મોત થયું હતું.

## વડોદરામાં રાષ્ટ્રીય પક્ષી મોરનું કરંટ લાગતા મૃત્યુ થયું, જીવદયા કાર્યકરો અને રહીશો શોકાતૂર થયા, તિરંગા સાથે સન્માન આપ્યું



વડોદરાના બિલ વિસ્તારમાં ગઈકાલે રાત્રે રાષ્ટ્રીય પક્ષી મોરનું કરંટ લાગવાથી મૃત્યુ થતાં સ્થાનિક રહેવાસીઓ અને જીવદયા પ્રેમીઓ શોકાતુર બન્યા હતા. બીલ રોડ ઉપર આવેલી નિસર્ગ પેલેડિયમ નામની સાઈટ પાસે ગઈકાલે રાત્રે એક મોર થાંભલા પર બેઠો ત્યારે કરંટ લાગતા તત્કાળ પ્રાણ નીકળી ગયા હતા અને નીચે પટકાયો હતો. બનાવને પગલે થાની રહેવાસીઓ એકઠા થઈ ગયા હતા અને જીઓ દયા કાર્યકરોની મદદ લીધી હતી. જીઆઈડીસીના જયેશ પટેલ અને તેમની ટીમ દ્વારા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી અને સ્થાનિક રહેવાસીઓએ દાખવેલી જાગૃતિને બિરદાવી હતી. રાષ્ટ્રીય પક્ષી હોવાને કારણે મોરના મૃતદેહ પર તિરંગો લપેટવામાં આવ્યો હતો અને ફુલહાર કરી સન્માન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ફોરેસ્ટ વિભાગને અંતિમ ક્રિયા માટે મૃતદેહ સોંપવામાં આવ્યો હતો. આ વિધિ દરમિયાન કાર્યકરો તેમજ રહીશોની આખો ભીંજાઈ ગઈ હતી.

## દૂધસાગર ડેરીમાં 15 કરોડનું બોનસ કૌભાંડઃ હાઈકોર્ટે પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીને 10 હજારનો દંડ ફટકાર્યો, ડિસ્ચાર્જ અરજી પણ ફગાવી





પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની મુશ્કેલી બોનસ કાંડને લઈને વધતી જોવા મળી રહી છે. મહેસાણા દૂધસાગર ડેરીના બોનલ કૌભાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટે વિપુલ ચૌધરીને 10 હજારનો દંડ ફટકાર્યો છે.

આ કેસ ટ્રાયલ કોર્ટમાં ચાલશે. વિપુલ ચૌધરી દ્વારા ચાર્જ ફ્રેમ પર રોક લગાવવાની અરજી પણ હાઈકોર્ટે ફગાવી દી ધી છે. 14 કરોડથી વધુના કૌભાંડનો આરોપ વર્ષ 2020માં ગાંધીનગર CID ક્રાઈમ પોલીસ મથકે પૂર્વ ગૃહમંત્રી અને દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી, તત્કાલિન ચેરમેન આશા ઠાકોર, તત્કાલિન વાઈસ પ્રેસિડેન્ટ મેઘજી પટેલ અને મેનેજિંગ ડિરેક્ટર એન. જે બક્ષી સામે ડેરીમાં 14.80 કરોડનું બોનસ કૌભાંડ કરવા બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ વર્ષ 2022થી અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં આવેલી સ્પેશિયલ ACB કોર્ટમાં ચાલી રહ્યો છે.

તપાસમાં સામે આવ્યું હતું કે, મહેસાણામાં દૂધસાગર ડેરીમાં 2015માં આશા ઠાકોર વાઈસ ચેરમેન અને વર્ષ 2016-20 દરમિયાન ઈન્ચાર્જ ચેરમેન હતાં.

ડેરીના કર્મચારીઓને વધુ બોનસ આપવાનો ઠરાવ પાછળથી બુકમાં લખાયો હતો. આરોપ છે કે, આશા ઠાકોરે મેનેજિંગ ડિરેક્ટર નિશિથ બક્ષી મારફતે નાણાં મેળવી વિપુલ ચૌધરીને આપવાની મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ પણ વાંચોઃ ધો. 5-8માં ડિટેન્શન પોલિસી હેઠળ RTEના બાળકોને નાપાસ કરતા બે સ્કૂલો વિરુદ્ધ તપાસના આદેશ કોર્ટે ફગાવી અરજી

મહેસાણા દૂધસાગર ડેરીના કર્મચારીઓને દિવાળી બોનસ આપવાના ઓથા હેઠળ આશરે 15 કરોડ રૂપિયાના કૌભાંડમાં આશા ઠાકોર અને વાઈસ ચેરમેન મોંઘજી ચૌધરીએ કરેલી ડિસ્ચાર્જ અરજી સિટી સિવિલ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું કે, આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરી શકાય તેટલા પુરા છે.

## અમદાવાદમાં અસામાજિક તત્ત્વોનું 'ગુંડારાજ', યુવકનું અપહરણ કરી માર માર્યો, પોલીસની આબરૂ દાવ પર

અમદાવાદ જાણે અસામાજિક તત્ત્વોનું હબ બની ગયું હોય એવું લાગે છે. છાશવારે અસામાજિક તત્ત્વો દ્વારા આતંક મચાવવાની ઘટનાઓ સામે આવે છે. થોડા મહિના અગાઉ જ રખિયાલમાં અસામાજિક તત્ત્વો દ્વારા પોલીસની હાજરીમાં આતંક મચાવવાની ઘટના ઘટી હતી, ત્યારબાદ ફરી એકવાર રખિયાલમાં યુવકનું અપહરણ કરી ઢોર માર માર્યો હોવાના સીસીટીવી સામે આવ્યા છે. અમદાવાદમાં આંતરે દિવસે અસામાજિક તત્ત્વો ગુંડાગર્દી કરીને પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. જેથી પોલીસની આબરૂ દાવ પર લાગી હોય એવું લાગી રહ્યું છે. અપહરણની ઘટનાના સીસીટીવી સામે આવ્યા પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના રખિયાલ વિસ્તારમાં 4 વ્યક્તિએ મળીને એક યુવકનું અપહરણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઇ શકાય છે ચાર યુવકો ટુ-વ્હીલર પર બેસીને આવે છે અને એક વ્યક્તિને દંડા વડે માર મારે છે અને તિક્ષણ હથિયાર બતાવીને અપહરણની ઘટનાને અંજામ આપે છે. જેને લઈને રખિલયાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીનો શું છે આરોપ?





ફરિયાદી અરમાન ખાન ઉર્ફે અમન સાજીદ ખાન પઠાણ (23) (રહે. વિશ્વનાથ નગર, બાપુનગર)એ આરોપ લગાવ્યો છે કે આરોપીઓએ તેનું જાહેરમાં બળજબરીથી અપહરણ કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ તેને એક્ટિવા સ્કૂટર પર બેસાડીને તેની મરજી વિરુદ્ધ અમન ચોકથી મોરારજી ચોક સુધી લઈ ગયા હતા. જ્યાં તેને અપશબ્દો બોલી લાકડી અને છરી વડે હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉ માથાકૂટ થઇ હતી, જેની અંગત અદાવત રાખીને માર માર્યો હતો અને ત્યારબાદ યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્ત યુવકને હાલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પોલીસે આ ઘટનાના આરોપી અયાન ઉર્ફે કાલીયો, નિયાઝુસેન ઉર્ફે અરમાન વખારહુસેન અંસારી, અઝહર ઉર્ફે બાબા જૈનુલાબેદીન અંસારી અને અરબાઝ ઉર્ફે સામન ઈસ્તેકાર અહેમદ શેખની અટકાયત કરી છે. ચારેય આરોપીઓ પોલીસના સકંજામાં ચારેય આરોપીઓ હાલ પોલીસ કસ્ટડીમાં છે, અને વધુ તપાસ ચાલી રહી છે. પોલીસે અપહરણ, હુમલો, ગુનાહિત ધાક-ધમકી અને જાહેર સ્થળે હથિયારોનો ઉપયોગ કરવાનો કેસ નોંધ્યો છે. વરિષ્ઠ અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ત્રણ દિવસ અગાઉ પણ આવી જ ઘટના બની હતી 14 એપ્રિલ, સોમવારની રાત્રે અમદાવાદના અજિત મિલ ચાર રસ્તા પાસે આવેલી રહેણાક મકાનમાં 7થી 8 લોકોનું ટોળું તલવાર.

## પાટણના સમી-રાધનપુર હાઈવે પર બસ અને રીક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત, મૃત્યુઆંક વધીને 6 થયો



પાટણ જિલ્લા માટે આજનો દિવસ ગોઝારો રહ્યો છે. સમી-રાધનપુર હાઈવે પર અવાર નવાર અકસ્માતના બનાવો બનતા હોય છે. ત્યારે આજે સમી-રાધનપુર હાઈવે પર એસ.ટી. બસ અને રીક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. હિંમતનગરથી માતાના મઢે જતી રીક્ષાને બસે ટક્કર મારતાં રીક્ષામાં સવાર તમામ છ લોકોના મૃત્યુ નીપજ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે. અકસ્માત સર્જાતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ અને એમ્બુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આજે વહેલી સવારે હિંમતનગરથી માતાના મઢે દર્શન કરવા રીક્ષામાં જઇ રહેલા શ્રદ્ધાળુને સમી-રાધનપુર હાઈવે પર અકસ્માત નડ્યો હતો. સમી નજીક આવેલી હોટલ પાસે બસે રીક્ષાને અડફેટે લેતાં રીક્ષાનો કચ્ચરણખાણ વળી ગયો હતો અને રીક્ષામાં સવાર બાબુભાઈ ફૂલવાદી, કાંતાબેન ફૂલવાદી, ઈશ્વરભાઇ ફૂલવાદી, તારાબેન ફૂલવાદી, નરેશભાઈ ફૂલવાદી અને સાયરાબેન ફૂલવાદી સહિતના તમામ 6 શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા છે. અકસ્માતના પગલે હાઈવે મરણચીસોની કિકિયારીથી ગૂંજી ઉઠ્યો હતો.

## ડુપ્લીકેટ પોલીસ, ડુપ્લીકેટ માર્કશીટ બાદ હવે વડોદરામાં ડુપ્લીકેટ FIRE NOCનું કૌભાંડ





ડુપ્લીકેટ પોલીસ, સીએમ કાર્યાલયનો ડુપ્લીકેટ અધિકારી, ડુપ્લીકેટ માર્કશીટ, ડુપ્લીકેટ ડોક્ટર અને ડુપ્લીકેટ દસ્તાવેજોના કૌભાંડમાં હવે ડુબલીકેટ ફાયર એનઓસીનું પણ કૌભાંડ ઉમેરાયું છે. વડોદરા ફાયર બ્રિગેડના નામે આજવા રોડની ત્રણ માળની એક બિલ્ડીંગ માટે લેવાયેલું ફાયર એનઓસી ડુપ્લીકેટ હોવાનું જણાઈ આવતા અધિકારીઓ ચોકી ઉઠ્યા છે અને સમગ્ર કૌભાંડની તપાસ હાથ ધરવામાં આવી છે. આગનો બનાવ બનતા વીજ કનેક્શન કપાવી નાખ્યું હતું 15 દિવસ પહેલા આજવા રોડ પર અર્શ કોમ્પ્લેક્સમાં શોર્ટ સર્કિટ થતા ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. ફાયર બ્રિગેડે આગ કાબુમાં લીધા બાદ વીજ કંપનીની પણ મદદ લીધી હતી અને સુરક્ષાના કારણોસર વીજ કનેક્શન કપાવી નાખ્યું હતું.00:00/02:09FIRE NOC ડુપ્લીકેટ હોવાનું કેવી રીતે બહાર આવ્યું એપાર્ટમેન્ટનું વીજ કનેક્શન ચાલુ કરવા માટે એપાર્ટમેન્ટ દ્વારા ફાયર બ્રિગેડને અરજી કરવામાં આવી હતી. આ અરજી માટે એનઓસી જરૂરી હોય છે. જેથી રજૂ કરાયેલું એનઓસી બોગસ હોવાનું જણાઈ આવ્યું હતું. 20 ડિસેમ્બર 2024 ના આ એનઓસી પર જુદા-જુદા બે પૂર્વ ચીફ ફાયર ઓફિસરના નામ અને સહી કરવામાં આવ્યા છે. વળી તેમાં આઉટવર્ડ નંબરની જગ્યાએ ટેન્કર ફાળવણીનો નંબર લખવામાં આવ્યો છે.સમગ્ર કેસની ઊંડાણપૂર્વક તપાસ થશે, પોલીસ કેસ કરીશુંસમગ્ર બનાવ અંગે ચીફ ફાયર ઓફિસર વિજય પાટિલે કહ્યું હતું કે, આ એક ખૂબ જ ગંભીર બાબત છે. જેનાથી ફાયર બ્રિગેડ અને કોર્પોરેશનની લાગતને નુકસાન થાય તેમ છે. અમે સમગ્ર કેસની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. જરૂર પડે આ કેસમાં પોલીસની પણ મદદ લેવામાં આવશે.

## ઊંઝા માર્કેટયાર્ડમાં વેપારીઓની બેઠકમાં હોબાળો, ખરીદ-વેચાણ બંધ રાખવાની ચીમકી

ઊંઝા માર્કેટ યાર્ડમાં ચાર મહિના અગાઉ બોર્ડ ઑફ ડિરેક્ટર્સની ચૂંટણી થઈ હતી. ત્યારબાદ હજુ સુધી ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી નહીં થતાં વહીવટદારનો દબદબો રહ્યો છે. જેના લીધે વેપારીઓની સમસ્યાઓમાં દિન-પ્રતિદિન વધારો થવાના સૂર સાથે નારાજગી પ્રવર્તી રહી હતી. આ દરમિયાન બુધવારે માર્કેટ યાર્ડના વેપારીઓની બેઠક મળી હતી. જેમાં ચર્ચાના અંતે જ્યાં સુધી વેપારીઓની સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી ખેડૂતોની કૃષિ ઉપજોના ખરીદ અને વેચાણની પ્રક્રિયા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવતાં હોબાળો થયો હતો. જોકે, છેવટે વહીવટદાર સાથે યોજાયેલી બેઠકમાં વેપારીઓના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપવામાં આવતાં મામલો થાળે પડ્યો હોવાનું જાણવા મળ્યું છે. વેપારીની સમસ્યામાં વધારોએશિયા ખંડની સૌથી મોટી એવી ઊંઝા APMCના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની ચૂંટણી 16 ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપના જ બે જૂથો આમનેસામને આવી જતાં રાજકીય વિવાદ સર્જાયો હતો. ખેડૂત વિભાગની 10 વેપારી વિભાગની 4 અને ખરીદ વેચાણ વિભાગની મળી 15 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેના બીજા દિવસે જાહેર થયેલા પરિણામોમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલની પેનલને બહુમતી મળી હતી. જેના લીધે યાર્ડના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની ચૂંટણી થયાને ચારેક માસ જેટલો સમય વિતી ગયો છતાં હાલમાં વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. જેમાં વેપારીઓની સમસ્યાઓમાં દિન-પ્રતિદિન વધારો થયો હોવાથી નારાજગીના સૂર ઝળક્યા છે. આ દરમિયાન, બુધવારે ઊંઝા માર્કેટ યાર્ડના વેપારીઓની એક મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ચર્ચાના અંતે જ્યાં સુધી તેઓના પ્રશ્નોનો સુખદ ઉકેલ નહીં આવે ત્યાં સુધી ખેડૂતોના માલની ખરીદી અને વેચાણની પ્રક્રિયા બંધ રાખવાનો સર્વાનુમત્તે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ પણ વાંચોઃ વધુ એક યુવતી બની અંધશ્રદ્ધાનો ભોગ! વલસાડના પલસાણા ગામે ભુવાએ શરીર પર 8 ડામ આપતા મોતવેપારી સાથે



વાતચીત બાદ મામલો થાળે પડ્યોપ્રક્રિયા બંધ રાખવાના નિર્ણયથી હોબાળો થતાં વહીવટદાર દ્વારા તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી.

જેમાં વેપારીઓ સાથે વાતચીત કરીને તેઓની સમસ્યાઓ ઉકેલવાની ખાતરી આપવામાં આવતાં હાલ પુરતો મામલો થાળે પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજે સવારે ખેડૂત માલની હરાજી મુદ્દે APMC દ્વારા કરવામાં આવેલી જાહેરાત અંગે વેપારીઓમાં ગેરસમજ થતા વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ સાંજે પાંચ કલાકે ઊંઝા A P M C ના વહીવટદાર, ઊંઝા વેપારી મંડળના પ્રમુખ કનુભાઇ પટેલ તેમજ ઊંઝા માર્કેટયાર્ડ વૈપારી એસોસિએશન પ્રમુખ સહિત હોદેદારોની યોજાયેલી બેઠકમાં સુખદ ઉકેલ આવતા વેપારીઓએ આવતીકાલે માર્કેટયાર્ડ રાબેતા મુજબ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. ઊંઝા માર્કેટયાર્ડ ખાતે ગુરૂવારથી રાબેતા મુજબ હરાજીનું કામકાજ ચાલુ રહેશે. આ પણ વાંચોઃ ડુપ્લીકેટ પોલીસ, ડુપ્લીકેટ માર્કશીટ બાદ હવે વડોદરામાં ડુપ્લીકેટ FIRE NOCનું કૌભાંડઉલ્લેખનીય છે કે, સહકારી ક્ષેત્રે રાજય સરકારના હસ્તક્ષેપને લીધે મહેસાણા જિલ્લાના કડી માર્કેટયાર્ડની ચૂંટણી બાદ એકવર્ષ સુધીચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં વિલંબે થયો હતો.ત્યારબાદ તેવી જ પરિસ્થીતિ હાલમાં ઊંઝા માર્કેટયાર્જમાં સર્જાતા રાજકીય તર્કવિતર્ક થઈ રહ્યા છે.ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બોર્ડ ન બેસે ત્યાં સુધી ખરીદ-વેચાણ નહીં કરાયઃ નરેન્દ્રભાઈ પટેલ વેપારી વિભાગમાંથી ડિરેકટર તરીકે ચૂંટાયેલા નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લાં ઘણાં સમયથી APMCની ચૂંટણી થઈ ગઈ છે. પરંતુ, સરકાર દ્વારા ચૂંટાયેલી બોડીને પ્રતિનિધિત્વ આપવામાં નહીં આવતાં વેપારીઓની સમસ્યાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. હાલમાં ઊંઝા એપીએમસીમાં વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. જેથી જ્યાં સુધી વેપારીઓની સમસ્યાઓનો ઉકેલ ન આવે અને ચુંટાયેલા પ્રતિનિધિઓનું બોર્ડે ન બેસે ત્યાં સુધી માર્કેટયાર્ડમાં ખરીદ-વેચાણ ન કરવાનો નિર્ણય લેવાયો છે.

# સરુભિ ચંદનાએ ટીકાથી ત્રાસીને મૌન તોડ્યું- કહ્યું અમે સરખી દેખાઈએ એમાં અમારો શું વાંક?

આ દિવસોમાં, સુરભિ ચંદના અને વિવેક દહિયા તેમના તાજેતરમાં રિલીઝ થયેલા મ્યુઝિક વીડિયો 'ઈષ્ટમ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે . જ્યારે દિવ્ય ભાસ્કરમાં બંનેનો ઈન્ટરવ્યૂ આવ્યો ત્યારે સુરભિ એક પ્રશ્ન પર થોડી ગંભીર થઈ ગઈ.હકીકતમાં, સોશિયલ મીડિયા પર, સુરભિની તુલના ઘણીવાર ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની ભૂતપૂર્વ પત્ની ધનશ્રી વર્મા સાથે કરવામાં આવે છે. લોકો તેમના દેખાવ પર ટિપ્પણી કરે છે અને કહે છે કે બંને એકસરખી દેખાય છે.નોંધનીય છે કે, ધનશ્રી અને યુઝવેન્દ્ર ચહલના થોડા સમય પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છૂટાછેડા પછી ધનશ્રીને લગભગ 4 કરોડ રૂપિયાનું ભરણપોષણ પણ મળ્યું હતું.સુરભિ અને ધનશ્રી વચ્ચેની સરખામણી પર સુરભિનું નિવેદનઆના પર સુરભિએ પોતાનું મૌન તોડ્યું અને કહ્યું , 'શરૂઆતમાં આપણે તેને મજાક તરીકે લઈ શકીએ છીએ , પરંતુ ક્યાંક ને ક્યાંક તેનો માનસિક પ્રભાવ પડે છે કારણ કે લોકો અટકતા નથી.' સતત ટીકા કરવી, ફક્ત એટલા માટે કે બે અલગ અલગ લોકો એકસરખા દેખાય છે. જોકે આના પર મારું કોઈ નિયંત્રણ નથી.તેમણે આગળ કહ્યું , ' મને ખાતરી છે કે ધનશ્રીને પણ આ જ પ્રશ્નો પૂછવામાં આવ્યા હશે.' હવે મારો શું વાંક છે કે હું તેના જેવી દેખાઉં છું અને તેનો શું વાંક છે કે તે મારા જેવી દેખાય છે ? અને ક્યારેક, આ રમૂજી પણ લાગે છે. હવે મને લાગે છે કે મને કેટલીક વસ્તુઓ માટે રોયલ્ટી મળવી જોઈએ.સુરભિની રોયલ્ટી વિશેની વાત પર વિવેકનો રમૂજી જવાબસુરભિના નિવેદનને હળવાશથી લેતા , તેની સાથે બેઠેલા વિવેક દહિયાએ હસતાં હસતાં કહ્યું ,'રોયલ્ટી નહીં , અમને એ 4 કરોડનો



અફસોસ હતો ... હવે થયું કે અમે કહ્યું - દોસ્ત, ચાલો એક કામ કરીએ , ચાલો એક વીડિયો બનાવીએ જેમાં આપણે બતાવીશું કે આપણે કેરળમાં શૂટિંગ કરી રહ્યા છીએ.' શું તમે જાણો છો શા માટે ? કારણ કે અમને હમણાં જ 4 કરોડ રૂપિયા મળ્યા છે . ,અંગત જીવન પર ટિપ્પણી કરવી ખોટી છે - સુરભિવાતચીત દરમિયાન, સુરભિએ સોશિયલ મીડિયા ટ્રોલિંગના સત્ય પર પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું , ' જુઓ , આ સોશિયલ મીડિયાનું એક દુઃખદ સત્ય છે.' આપણે તેને મજાક તરીકે લઈ શકીએ છીએ , પણ આ બે લોકોના અંગત જીવનનો મામલો છે. માફ કરશો જો હું મર્યાદા ઓળંગી રહી છું , પણ તે ગોપનીયતાનો પણ આદર કરવો જોઈએ. ,તેણે વધુમાં કહ્યું , ' એકંદરે , તેના પર કોઈ નિયંત્રણ નથી. દરેક નાની-મોટી વાત હવે લોકોની નજરમાં આવે છે. અને હા , જો તમે અવલોકન કરો તો, બંને ખરેખર કંઈક અંશે સમાન લાગે છે. આ પણ રસપ્રદ છે. ,સુરભિ ચંદના અને ધનશ્રી વર્મા એકસરખી દેખાતી નથી - વિવેકછેવટે વિવેકે કહ્યું , ' બાય ધ વે , હું તે બંનેને મળ્યો છું.' મને નથી લાગતું કે એવું કંઈ હોય. જ્યારે હું તેને (ધનશ્રી) મળ્યો અને પછી જ્યારે હું સુરભિને મળ્યો , ત્યારે મને લાગ્યું કે તે બે સંપૂર્ણપણે અલગ વ્યક્તિત્વ છે. કદાચ ફોટોમાં કેટલાક એન્ગલ આના જેવા હોઈ શકે છે , પરંતુ વીડિઓમાં તફાવત સ્પષ્ટપણે દેખાય છે. ,' ઈષ્ટમ ' માટે સારો પ્રતિભાવ મળ્યો' ઈષ્ટમ ' વિશે વાત કરીએ તો , આ એક રોમેન્ટિક મ્યુઝિક વીડિયો છે , જે કેરળના સુંદર સ્થળોએ શૂટ કરવામાં આવ્યો છે.

## એમેઝોને ઇન્ડિયન વર્ઝન 'સિટાડેલઃ હની બની' અને ઇટાલિયન વર્ઝન 'સિટાડેલઃ ડાયના' ની બીજી સીઝન રદ કરી દીધી




ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડીયોએ 'સિટાડેલ' ફ્રેન્ચાઈઝના ઈન્ડિયન વર્ઝન 'સિટાડેલઃ હની બની' અને ઈટાલિયન વર્ઝન 'સિટાડેલઃ ડાયના' ની બીજી સીઝન રદ કરી દીધી છે.

જોકે, પ્રિયંકા ચોપરા અને રિચાર્ડ મેડન અભિનિત મુખ્ય સિરીઝ 'સિટાડેલ' ની બીજી સિઝન સ્ટ્રીમ થશે.ડેડલાઈનના અહેવાલ મુજબ, એમેઝોન એમજીએમ સ્ટુડિયોના ટેલિવિઝન વડા વર્નોન સેન્ડર્સે કહ્યું છે કે, આ બંને સિરીઝની વાર્તાઓ હવે 'સિટાડેલ'ની મુખ્ય એટલે કે ઈન્ટરનેશનલ સિઝન 2 માં બતાવવામાં આવશે.તેમણે એમ પણ કહ્યું કે 'હની બન્ની' અને 'ડાયના' દર્શકોને ખૂબ ગમ્યા હતા અને તે સફળ રહ્યા હતા.

પરંતુ હવે તેમની અલગ સિરીઝ નહીં આવે.'સિટાડેલ'ની બીજી સિઝન 2026 માં આવશે.વર્નોન સેન્ડર્સે વધુમાં કહ્યું, 'સિટાડેલનો આગામી ભાગ અત્યાર સુધીની શ્રેષ્ઠ સિઝન બનવા જઈ રહ્યો છે.' જબરદસ્ત વળાંકો સાથે, તેમાં ઘણા નવા કલાકારોની એન્ટ્રી પણ જોવા મળશે જે આ વાર્તાને આગળ વધારશે. તે જ સમયે, 'સિટાડેલ સિઝન 2' નું વર્લ્ડ વાઈડ પ્રીમિયર 2026 માં થશે.વેબ સિરીઝ 'સિટાડેલઃ હની બન્ની' 2024 માં રિલીઝ થઈ હતીસિટાડેલ 'સિટાડેલઃ

હની બની' નું ભારતીય વર્ઝન 'ધ ફેમિલી મેન' ફેમ રાજ અને ડીકે દ્વારા દિગ્દર્શિત કરવામાં આવ્યું હતું. આ જાસૂસી એક્શન વેબ સિરીઝમાં વરુણ ધવન અને સામંથા રૂથ પ્રભુ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ સિરીઝ વર્ષ 2024 માં રિલીઝ થઈ હતી.તેનું ઈટાલિયન વર્ઝન 'સિટાડેલઃ ડાયના' પણ 2024 માં સ્ટ્રીમ થયું હતું. આ સિરીઝમાં માટિલ્ડા ડી એન્જેલિસે મુખ્ય ભૂમિકા ભજવી હતી.આ સિરીઝ પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે.આ ઉપરાંત, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સોફી ટર્નર અભિનિત 'ટોમ્બ રાઈડર' વેબ સિરીઝ પણ અધવચ્ચે જ છોડી દેવામાં આવી છે. જોકે, આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

## અપૂર્વા માખીજાએ મુંબઈ છોડ્યું, 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદ બાદ સોશિયલ મીડિયા પણ બંધ કરી દીધું




'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદ પછીથી યૂટ્યુબર અપૂર્વા માખીજા હેડલાઈન્સમાં છે. તાજેતરમાં અપૂર્વાએ એક વ્લોગ શેર કર્યો અને સમય રૈનાના શોની આખી સ્ટોરી કહી. હવે અપૂર્વાએ તેનું મુંબઈનું ઘર છોડી દીધું છે.અપૂર્વા માખીજાએ ઈન્સ્ટાગ્રામ પરથી પાછલી બધી પોસ્ટ હટાવી દીધી છે. હવે, તેણે એક તસવીર શેર કરી છે જેમાં તે તેના મુંબઈના એપાર્ટમેન્ટને છોડી રહી હોય તેવું લાગી રહ્યું છે. તેણે ઘરનો ફોટો શેર કર્યો જેમાં બ્લર પ્રકાશ, કાર્ડ બોર્ડ બોક્સ અને વધારાની વસ્તુઓની આડીઅવળી પડી છે. તેણે ફોટોને કેપ્શન આપ્યું, 'એક યુગનો અંત.'અગાઉ અપૂર્વા માખીજાએ 9 એપ્રિલે વિવાદ પછી પોતાનો પહેલો વ્લોગ શેર કર્યો હતો. આ વ્લોગ દ્વારા તેણે જણાવ્યું હતું કે- સમય રૈનાના શોમાં જે કંઈ બન્યું તે પછી તેના જીવનમાં ઘણા ફેરફારો આવ્યા.અપૂર્વા માખીજાએ શેર કરેલી તસવીરઅપૂર્વા માખીજાએ શેર કરેલી તસવીર'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' વિવાદની સંપૂર્ણ સ્ટોરી અપૂર્વા માખીજા સોશિયલ મીડિયા પર 'ધ રેબેલ કિડ'ના નામથી ફેમસ છે. અપૂર્વાએ તેના વ્લોગમાં જણાવ્યું હતું કે- તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ બધાને કારણે, તેણે પોતાનું સોશિયલ મીડિયા પણ બંધ કરવું પડ્યું.અપૂર્વા માખીજા સમય રૈનાને મળવા અને શોમાં જોડાવા વિશે વાત કરતાં પોતાના યૂટ્યુબ વીડિયો શરૂ કરે છે. અપૂર્વાએ કહ્યું કે- 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શો'માં જવાનું તેનું સ્વપ્ન હતું. પરંતુ લાંબા સમય સુધી સમય રૈનાનો ફોન ન આવ્યો. પછી અપૂર્વાએ વિચાર્યું કે, તે જે કરવા માંગતી હતી, તે કરી શકશે નહીં.માતાપિતા વિશે વાત કરતી વખતે રડવા લાગે છે આ વીડિયોમાં અપૂર્વાએ તેના માતા-પિતાનો પણ ઉલ્લેખ કર્યો અને રડતાં-રડતાં કહ્યું- જ્યારે મારા માતા-પિતા વિશે ખરાબ બોલવામાં આવતું હતું ત્યારે મને સૌથી વધુ દુઃખ થતું હતું.અપૂર્વા માખીજા વીડિયોમાં વાત કરતાં કરતાં રડી પડે છેઅપૂર્વા માખીજા વીડિયોમાં વાત કરતાં કરતાં રડી પડે છેશોમાં માતા-પિતા અને.

## યુટ્યૂબરે વીડિયો શેર કરી પોલ ખોલી, ગૌરી ખાનની ટીમે દાવો ફગાવી વળતો જવાબ આપ્યો



શાહરુખ ખાનની પત્ની ગૌરી ખાનની મુંબઈમાં એક આલીશાન રેસ્ટોરાં છે. ખૂબ જ મોંઘેરી આ રેસ્ટોરાંમાંથી નકલી પનીર મળ્યું હોવાનો એક યુટ્યૂબરે દાવો કર્યો છે. સાર્થક સચદેવા નામના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે સેલેબ્સની મોંઘી રેસ્ટોરાંમાં જઈને પનીર ટેસ્ટિંગ કરતો વીડિયો શેર કર્યો, જેમાં તે વિરાટ કોહલી, શિલ્પા શેટ્ટી અને ગૌરી ખાનની રેસ્ટોરન્ટમાં જાય છે અને ત્યાં પીરસવામાં આવતા પનીરનો ટેસ્ટ કરે છે. તેણે જ્યારે ગૌરીની રેસ્ટોરાં 'ટોરી'માં ટેસ્ટ કર્યું તો પરિણામે બધાને ચોંકાવી દીધા હતા. જોકે રેસ્ટોરાંની ટીમે તમામ દાવાઓને ફગાવી દીધા છે.યુટ્યૂબરે વીડિયો શેર કરી રેસ્ટોરાંની પોલ ખોલી યૂટ્યૂબર સાર્થક સચદેવાએ મુંબઈનાં ઘણાં સેલેબ્સ રેસ્ટોરાંની મુલાકાત લીધી હતી. સાર્થક વિરાટ કોહલીની વન 8 કોમ્યુન, શિલ્પા શેટ્ટીની બેસ્ટિયન, બોબી દેઓલની સમ પ્લેસ એલ્સમાં આયોડિનની મદદથી પનીર ટેસ્ટ કરે છે. વીડિયોમાં જોવા મળે છે કે પહેલાં યુટ્યૂબર પનીર આધારિત વસ્તુઓ ઓર્ડર કરે છે, પછી એના ટુકડાને પાણીના બાઉલમાં ધોઈ નાખે છે. આ પછી એની પર આયોડિન ડ્રોપ નાખી ટેસ્ટ કરે છે. વિરાટ કોહલી, શિલ્પા શેટ્ટી અને બોબી દેઓલની રેસ્ટોરાં આ ટેસ્ટમાં પાસ થઈ જાય છે.

## સેન્સર બોર્ડની કાતર ફરતાં અનુરાગ કશ્યપ ભડક્યા, કહ્યું- કોઈ જાતિવાદ નહોતો, તો જ્યોતિબા આવ્યા ક્યાંથી?




એક્ટર-ડિરેક્ટર અનુરાગ કશ્યપ તેમની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા છે. તેઓ કોઈપણ મુદ્દા પર ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય આપતા જોવા મળે છે. ફરી એકવાર તેમણે પોતાની સ્ટાઈલમાં સરકાર અને સેન્સર બોર્ડને સામો જવાબ આપતી પોસ્ટ શેર કરી છે. આ દિવસોમાં પ્રતીક ગાંધી સ્ટારર ફિલ્મ 'ફુલે' હેડલાઈન્સમાં છે, જે મહારાષ્ટ્રના વિખ્યાત સમાજ સુધારક જ્યોતિરાવ ફુલે અને તેમનાં પત્ની સાવિત્રીબાઈ ફુલેનાં જીવન પર આધારિત છે. આ ફિલ્મ પહેલાં 11 એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ એક સમુદાયના વિરોધ બાદ આ ફિલ્મની રિલીઝ મુલતવી રાખવામાં આવી હતી. હવે એની રિલીઝ ડેટ બદલીને 25 એપ્રિલ કરવામાં આવી છે.સેન્સર બોર્ડની કાતર ફરતાં અનુરાગ કશ્યપ ભડક્યા ફિલ્મને સર્ટિફિકેટ તો આપ્યું, પણ સાથે સેન્સર બોર્ડે નિર્માતાઓને એમાં ઘણા ફેરફારો કરવા કહ્યું. આ કારણે અનુરાગ કશ્યપને ગુસ્સો આવ્યો અને તેમણે આ અંગે સોશિયલ મીડિયા એક પોસ્ટ શેર કરી છે. ડિરેક્ટરે સરકાર પર પણ નિશાન સાધ્યું છે.'જાતિ વ્યવસ્થા નહોતી, તો પછી....' અનુરાગ કશ્યપે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ મૂકી અને સરકાર પર નિશાન સાધ્યું. ડિરેક્ટરે લખ્યું, 'ધડક 2ના સ્ક્રીનિંગ સમયે સેન્સર બોર્ડે કહ્યું કે- મોદીજીએ ભારતમાં જાતિ વ્યવસ્થાનો અંત લાવી દીધો છે. એ જ આધારે 'સંતોષ' પણ ભારતમાં રિલીઝ થઈ ન હતી. હવે બ્રાહ્મણોને 'ફુલે'થી સમસ્યા છે. ભાઈ, જ્યારે કોઈ જાતિ વ્યવસ્થા જ નથી તો પછી બ્રાહ્મણ કોણ? તમે કેમ આટલા ગુસ્સાથી સળગી રહ્યા છો, જ્યારે કોઈ જાતિ વ્યવસ્થા નહોતી તો પછી જ્યોતિબા ફુલે અને સાવિત્રીબાઈ ક્યાંથી આવ્યાં?કાં તો તમારો બ્રાહ્મણવાદ બિલકુલ અસ્તિત્વમાં નથી, કારણ કે મોદીજીના મતે ભારતમાં કોઈ જાતિ વ્યવસ્થા નથી કે પછી તમે બધા મળીને બધાને મૂર્ખ બનાવી રહ્યા છો? ભાઈ પહેલા તમે અંદરોઅંદર જ નક્કી કરી લો, ભારતમાં જાતિવાદ છે કે નહીં? લોકો મૂર્ખ નથી... તમે બ્રાહ્મણ જ છો કે પછી ઉપર બેઠેલા તમારા બાપ છે, નક્કી કરો.''પહેલું નાટક જ્યોતિબા અને સાવિત્રીબાઈ પર હતું' એક પોસ્ટમાં અનુરાગે કહ્યું, 'મારા જીવનનું પહેલું નાટક જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફુલે પર હતું.

## કહ્યું- તમારામાં ઘણી નેગેટિવિટી છે તેમાંથી બહાર નીકળો; સોશિયલ મીડિયાનો ઉપયોગ કોઈને શરમિંદા કરવા ન કરો




એક્ટ્રેસ કરિશ્મા તન્નાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક ફેશન શોમાં રેમ્પ વોક કરતી જોવા મળી રહી છે. આ દરમિયાન કેટલાક લોકોએ તેની સુંદરતાના વખાણ કર્યા, તો કેટલાકે તેની કમરની મજાક ઉડાવી. જોકે, હવે એક્ટ્રેસે તેને બોડી શેમ કરનારાઓને પણ યોગ્ય જવાબ આપ્યો છે.કરિશ્મા તન્નાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા ટ્રોલ્સને યોગ્ય જવાબ આપ્યો. તેમણે લખ્યું, તમારી પાસે કદાચ ઘણો સમય અને નેગેટિવિટી છે જે તમે છોડી શકો છો. ઓહ, તેનું વજન વધી ગયું છે! શું તમે જાણો છો કે મને સૌથી વધુ ખુશી શું આપે છે? ઓછામાં ઓછા કેટલાક લોકો એવા છે જેમના પોતાના મંતવ્યો છે તે જોવા માટે. ક્યારેક તો સોશિયલ મીડિયાનો ઉપયોગ લોકોને ઉંચા ઊઠાવવા માટે કરો, નહીં કે તેમને નીચે લાવવા માટે.લોકોએ કરિશ્મા તન્નાની કમર પર મજાક ઉડાવી હતીખરેખર, કરિશ્મા તન્નાએ તાજેતરમાં બોમ્બે ટાઈમ્સ ફેશન વીકમાં રેમ્પ વોક કર્યું હતું. આ પછી, કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેની કમર વિશે અભદ્ર ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું. જોકે, આ સમય દરમિયાન ઘણા લોકોએ તેમને ટેકો પણ આપ્યો.આ શોમાં જોવા મળી ચૂકી છે કરિશ્મા'નાગિન 3', 'કયામત કી રાત' અને OTT પ્રોજેક્ટ 'સ્કૂપ' જેવા શો દ્વારા, કરિશ્મા તન્નાએ મનોરંજન ઉદ્યોગમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. તે હંમેશા તે ખૂલીને બોલવા માટે જાણીતી છે. વર્ષ 2022 માં, તેણે વરુણ બાંગેરા સાથે લગ્ન કર્યા. આ લગ્ન ખૂબ જ નજીકના લોકોની હાજરીમાં થયા હતા.

## 'અનુપમા'ની સાવકી દીકરીએ ફરી આરોપ લગાવ્યો, કહ્યું- મને સપોર્ટ મળવાને બદલે શરમિંદગી મળી



ટીવી શો અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી અને તેની સાવકી પુત્રી ઈશા વર્મા વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ફરી એકવાર ઈશાએ એક વીડિયો શેર કરી દાવો કર્યો છે કે તેનો પરિવાર તેને બરબાદ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.'અનુપમા'ની સાવકી દીકરીનો પરિવાર પર ગંભીર આરોપ 16 એપ્રિલે ઈશાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ વીડિયો શેર કર્યો હતો, જેમાં તે રડતી જોવા મળી હતી. વીડિયોમાં ઈશા કહે છે, જ્યારે તમે મુશ્કેલ અને પીડાદાયક પરિસ્થિતિમાંથી પસાર થાઓ છો, ત્યારે તે ફક્ત તમારા પર જ નહીં પરંતુ અન્ય લોકો પર પણ અસર કરે છે. તમે થોડા દિવસ માટે તો સારા રહી શકો છો, પણ પછી તમે તૂટી જાઓ છો. જ્યારે તમે તમારો મુદ્દો રજૂ કરવાનો પ્રયાસ કરો છો, ત્યારે તમને ઘણા પ્રશ્નો પૂછવામાં આવે છે અને તેમની તપાસ કરવામાં આવે છે.ઈશાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરેલો વીડિયોઈશાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરેલો વીડિયોઈશા આગળ કહે છે, મારો પોતાનો પરિવાર મને મારું જીવન જીવવાથી રોકવા અને મને બરબાદનો પ્રયાસ કરી રહ્યો છે. મેં ખુશ રહેવાનો પ્રયત્ન કર્યો. હું એક નેપો કિડ હતી, જેને હંમેશા પડછાયામાં રાખવામાં આવી હતી. હું મૌન, મૂંઝવણ અને પીડાના વાતાવરણમાં મોટી થઈ છું. એક એવો બોજ જે મારે સહન ન કરવો જોઈએ. જ્યારે સત્ય બહાર આવ્યું, ત્યારે દોષ મારા પર ઢોળવામાં આવ્યો. હું ડરી ગઈ હતી અને અસુરક્ષિત અનુભવતી હતી. લોકોનો સપોર્ટ મળવાને બદલે, હું શરમિંદ અનુભવી રહી હતી. પરંતુ મહિનાઓ સુધી ઉત્પીડનનો સામનો કર્યા પછી, આજે પણ હું મારા સત્ય પર અડગ છું.શું છે સમગ્ર મામલો? થોડા સમય પહેલાં, વર્ષ 2020માં ઈશા વર્મા દ્વારા કરવામાં આવેલી એક સોશિયલ મીડિયા પોસ્ટ લાઈમલાઈટમાં આવી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, 'આ ખૂબ જ ખરાબ છે, શું કોઈને રૂપાલી ગાંગુલીની સાચી સ્ટોરી નથી જાણતું. તેના અશ્વિન કે. વર્મા સાથે 12 વર્ષ સુધી સંબંધ હતા, જ્યારે તે સમયે અશ્વિનના લગ્ન પણ થઈ ગયેલાં હતાં. અશ્વિન વર્માને તેમના અગાઉનાં લગ્નથી 2 પુત્રીઓ છે. તે એક ક્રૂર મહિલા છે જેણે મને અને મારી બહેનને અલગ કરવાનો પ્રયાસ કર્યો.'ઈશાએ આગળ લખ્યું હતું, હું આ બધું એટલા માટે કહી રહી છું કારણ કે તે દરેક જગ્યાએ એવો ઢોંગ કરે છે કે તે સુખી લગ્નજીવનમાં છે. જોકે વાસ્તવમાં તે મારા પિતા પ્રત્યે કંટ્રોલિંગ અને સાઈકોટિક છે. જ્યારે પણ હું મારા પિતાને ફોન કરું છું ત્યારે તે બૂમો પાડવા લાગે છે અને મને અને મારી માતાને મારી નાખવાની ધમકીઓ આપવા લાગે છે.

## અનાયરા ગુપ્તા સાથે એરપોર્ટ પર જોવા મળ્યો હતો એક્ટર; કહ્યું- અમે લોકોની અટકળો પર હસીએ છીએ



તાજેતરમાં વિવેક દહિયા તેની કો-એક્ટ્રેસ અનાયરા ગુપ્તા સાથે એરપોર્ટ પર જોવા મળ્યો હતો. આ કારણે સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાઈ ગઈ કે વિવેકે તેના જીવનમાં એક નવી છોકરીનો સમાવેશ કર્યો છે.એવું પણ કહેવામાં આવ્યું હતું કે નવ વર્ષના લગ્નજીવન પછી તે અને દિવ્યાંકા ત્રિપાઠી છૂટાછેડા લઈ રહ્યા છે. આ સમાચારે સોશિયલ મીડિયા અને સમાચારોમાં ખળભળાટ મચાવી દીધો હતો.વિવેક દહિયાએ દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા આ અફવાઓ પર પોતાની પ્રતિક્રિયા આપી અને કહ્યું કે આ બધી વાતો ખોટી છે. તેમણે કહ્યું, 'જ્યારે આ વીડિયો વાયરલ થયો, ત્યારે અમે એક મ્યુઝિક વીડિયોનું શૂટિંગ કરી રહ્યા હતા અને ટેક્સીમાં મુસાફરી કરી રહ્યા હતા.' અમે કેરળમાં હતા અને પછી આ વીડિયો આવ્યો. કારમાં ચાર લોકો હતા. કોઈએ અમને આ વીડિયો બતાવ્યો અને મેં હસીને કહ્યું, 'આ શું છે?' કારણ કે હું એક સુંદર સ્ત્રી સાથે એરપોર્ટ પર હતો, લોકો આવી નકામી વસ્તુઓ બનાવી રહ્યા છે.'વિવેકે કહ્યું કે તે અને દિવ્યાંકા આ વાહિયાત અફવાઓને અવગણે છે અને તેમના લગ્નજીવનમાં કોઈ સંકટ નથી. તેમણે કહ્યું, 'અમે તેના વિશે કંઈ વિચારતા નથી.' આ બધા ખોટા સમાચાર છે. અમે બંને ખુશ છીએ અને અમે તેને હસી કાઢીએ છીએ.વિવેકે કહ્યું કે મીડિયાના લોકો ગમે તે કહે, તે તેના પર વધારે ધ્યાન આપતો નથી. 'અમે જાહેર વ્યક્તિઓ છીએ અને લોકો અમને જોઈ રહ્યા છે, તેથી તેઓ કંઈપણ કહી શકે છે.' પણ અમે પરિપક્વ લોકો તરીકે તેને અવગણીએ છીએ. અમે બંને એકબીજાને સંપૂર્ણ ટેકો આપીએ છીએ.'વિવેક દહિયાને માત્ર એક્ટિંગમાં જ નહીં, પણ લેખનમાં પણ રસ છે. તે પોતાને એક ક્રિયેટિવ માઈન્ડ માને છે અને ઘણીવાર પોતાના વિચારો અન્ય લોકો સાથે, ખાસ કરીને દિવ્યાંકા ત્રિપાઠી સાથે શેર કરે છે. તેણે પોતાની અને દિવ્યાંકા વચ્ચે બનેલી એક રમૂજી ઘટના પણ શેર કરી હતી.વિવેકે કહ્યું, 'હું લખું છું, મને ખબર નથી કે તે મારી પ્રતિભા છે કે માત્ર એક કૌશલ્ય, પણ મને તે ખૂબ ગમે છે.' હું ઘણીવાર દિવ્યાંકા સાથે મારા વિચારો શેર કરું છું. એક વાર એવું બન્યું કે, દિવ્યાંકા બપોરે ગાઢ ઊંઘમાં હતી અને અચાનક મને એક વિચાર આવ્યો.મેં વિચારવાનું શરૂ કર્યું કે જો હું આ વિચાર હમણાં શેર નહીં કરું, તો તે મારા મગજમાંથી નીકળી જશે. તો, મેં દિવ્યાંકાને જગાડી અને કહ્યું- યાર, આ વિચાર સાંભળ. તે ઊંઘમાં ચોંકી ગઈ અને બોલી, 'શું થયું, તને કોણ જગાડે છે અને આવી વાતો કરે છે?' મેં કહ્યું, 'ના, મારે જીમમાં જવું છે, પણ તેના વિશે વિચારવું મહત્વપૂર્ણ હતું.' જો તમે મને લીલી ઝંડી આપો છો, તો હું તેને આગળ વધારીશ. દિવ્યાંકાએ કહ્યું, 'આ તો ખૂબ સરસ છે!' પછી મેં કહ્યું, 'હવે તું સૂઈ જા અને હું જીમ જવા જાઉં છું.'આ ઉપરાંત, વિવેકે તેની પ્રોડક્શન યોજનાઓ પણ શેર કરી. તેમણે કહ્યું, 'મને એક્શન ફિલ્મોમાં રસ છે, પણ મને લાગે છે કે આપણા દેશમાં મોટાભાગની એક્શન ફિલ્મો મોટા બજેટની હોય છે.'

# IPLમાં રોમાંચક સુપર ઓવર થ્રિલર:સ્ટાર્કની જાદુઈ બોલિંગને કારણે દિલ્હીએ રાજસ્થાનને હરાવ્યું, કેપિટલ્સ ટેબલ ટોપર બન્યું

IPLની 18મી સીઝનની પહેલી સુપર ઓવરમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને હરાવ્યું. સુપર ઓવરમાં રાજસ્થાને પ્રથમ બેટિંગ કરતા મિશેલ સ્ટાર્ક સામે 11 રન બનાવ્યા. દિલ્હી તરફથી કેએલ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સે સંદીપ શર્મા સામે 4 બોલમાં ટારગેટ પુરો કરી લીધો.રાજસ્થાને બુધવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું. દિલ્હીએ 5 વિકેટ ગુમાવ્યા બાદ 188 રન બનાવ્યા. રાજસ્થાન પણ 4 વિકેટના નુકસાન પર માત્ર 188 રન બનાવી શક્યું. મિશેલ સ્ટાર્ક દ્વારા 20મી ઓવરમાં શિમરોન હેટમાયર અને ધ્રુવ જુરેલ સામે 9 રનનો બચાવ કરીને મેચ ટાઇ કરી.રાજસ્થાન તરફથી નીતિશ રાણા અને યશસ્વી જયસ્વાલે ફિફ્ટી ફટકારી હતી. કેપ્ટન સંજુ સેમસન 31 રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો. જોફ્રા આર્ચરે 2 વિકેટ લીધી. દિલ્હીથી અભિષેક પોરેલ 49 રન બનાવ્યા. કુલદીપ યાદવ, અક્ષર પટેલ અને મિશેલ સ્ટાર્કે 1-1 વિકેટ લીધી.મેચ એનાલિસિસ 5 પોઈન્ટમાં...1. પ્લેયર ઓફ ધ મેચદિલ્હીના ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કે ટીમને મેચ જીતવામાં મદદ કરી. તેણે પહેલી 20મી ઓવરમાં 9 રન ડિફેન્ડ કર્યા અને મેચ ટાઇ કરી. સ્ટાર્કે રાજસ્થાન તરફથી ફિફ્ટી ફટકારનારા નીતિશ રાણાને પેવેલિયન મોકલ્યો. ત્યારબાદ સ્ટાર્કે સુપર ઓવરમાં ફક્ત 11 રન આપ્યા અને ટીમને મોટો ટોરગેટ મળવા દીધો નહીં.મિશેલ સ્ટાર્કે દિલ્હીને મેચ જીતાડી.મિશેલ સ્ટાર્કે દિલ્હીને મેચ જીતાડી.2. જીતનો હીરોકેએલ રાહુલઃ ચોથા નંબર પર બેટિંગ કરવા



આવતા રાહુલે 38 રન બનાવ્યા. તેણે જ સુપર ઓવરના પહેલા 3 બોલમાં 7 રન બનાવીને મેચ દિલ્હીના ખોળામાં મૂકી દીધી હતી. ટ્રિસ્ટન સ્ટબ્સઃ છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવતા, સ્ટબ્સે માત્ર 18 બોલમાં 34 રન ફટકારીને ટીમનો સ્કોર 188 સુધી પહોંચાડ્યો. તેણે સુપર ઓવરમાં વિજયી છગ્ગો પણ ફટકાર્યો. અક્ષર પટેલઃ દિલ્હીના કેપ્ટન અક્ષરે બેટિંગ કરતા માત્ર 14 બોલમાં 34 રન બનાવ્યા. ત્યારબાદ તેણે 3 ઓવરમાં 23 રન આપીને રિયાન પરાગની વિકેટ લીધી.રિયાન પરાગને અક્ષર પટેલે બોલ્ડ કર્યો.રિયાન પરાગને અક્ષર પટેલે બોલ્ડ કર્યો.3. ફાઈટર ઓફ ધ મેચરાજસ્થાને 9મી ઓવરમાં પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી. અહીં નીતિશ રાણા બેટિંગ કરવા આવ્યા. તેણે ઝડપી બેટિંગ કરી અને માત્ર 26 બોલમાં ફિફ્ટી ફટકારી. રાણાએ 28 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. છગ્ગા ફટકારીને 51 રન બનાવ્યા. તે જ ટીમને વિજયની નજીક લાવ્યો, પરંતુ ફિનિશર્સ મેચ જીતી શક્યા નહીં.4. ધ ટર્નિંગ પોઈન્ટદિલ્હીના મિશેલ સ્ટાર્કને 20મી ઓવરમાં 9 રન ડિફેન્ડ કરવાના હતા. તેણે શિમરોન હેટમાયર અને ધ્રુવ જુરેલ જેવા યોગ્ય બેટ્સમેન સામે માત્ર 8 રન આપ્યા. સ્ટાર્કની શાનદાર ઓવરથી મેચ ટાઈ થઈ ગઈ અને મેચ સુપર ઓવરમાં ગઈ, જ્યાં દિલ્હી જીતી ગયું.મિશેલ સ્ટાર્કે 20મી ઓવરમાં 9 રન બચાવીને મેચ ટાઇ કરાવી.મિશેલ સ્ટાર્કે 20મી ઓવરમાં 9 રન બચાવીને મેચ ટાઇ કરાવી.5. દિલ્હી ટોપ પર પહોંચ્યુંલખનૌના નિકોલસ પૂરન 357 રન સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. ચેન્નાઈનો નૂર અહેમદ 12 વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. 6 મેચમાં 5 જીત બાદ, દિલ્હી કેપિટલ્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું.

# રમનદીપે જમીનથી માત્ર એક ઇંચ ઉપર ડાઈવિંગ કેચ પકડ્યો, રહાણેનું DRS ન લેવું મોંઘું સાબિત થયું; મેચ મોમેન્ટ્સ-રેકોર્ડ્સ

દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને IPLના 18મા સીઝનના પ્રથમ સુપર ઓવરમાં હરાવી દીધું. અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાને પ્રથમ બેટિંગ કરતા 11 રન બનાવ્યા. દિલ્હી તરફથી કેએલ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સે સંદીપ શર્મા સામે 4 બોલમાં જ ટાર્ગેટ ચેઝ કરી લીધો.અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાને બોલિંગ પસંદ કરી. દિલ્હીએ 5 વિકેટ ગુમાવીને 188 રન બનાવ્યા. રાજસ્થાન પણ 4 વિકેટના નુકસાન પર 188 રન જ બનાવી શક્યું. મિચેલ સ્ટાર્કે 20મી ઓવરમાં શિમરોન હેટમાયર અને ધ્રુવ જુરેલ સામે 9 રન ડિફેન્ડ કરતા મેચ ટાઈ કરાવી હતી.રાજસ્થાન તરફથી નીતિશ રાણા અને યશસ્વી જયસવાલ બંનેએ ફિફ્ટી ફટકારી. કેપ્ટન સંજુ સેમસન 31 રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો. જોફ્રા આર્ચરે 2 વિકેટ લીધી. દિલ્હી તરફથી અભિષેક પોરેલે 49 રન બનાવ્યા. કુલદીપ યાદવ, અક્ષર પટેલ અને મિચેલ સ્ટાર્કે 1-1 વિકેટ લીધી.અપડેટ્સ11:49 PM16 એપ્રિલ 20254 બોલમાં દિલ્હી જીતી ગયુંદિલ્હી તરફથી સુપર ઓવરમાં કેએલ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સ બેટિંગ કરવા આવ્યા. રાજસ્થાન તરફથી સંદીપ શર્મા બોલિંગ કરવા આવ્યો. રાહુલે પહેલા બોલ પર 2 રન લીધા. તેણે બીજી બોલ પર ચોગ્ગો ફટકાર્યો. ત્રીજા બોલ પર સિંગલ આવ્યો. સ્ટબ્સે ચોથા બોલ પર છગ્ગો ફટકાર્યો અને ટીમને જીત અપાવી.11:36 PM16 એપ્રિલ 2025સુપર ઓવરમાં રાજસ્થાને 11 રન બનાવ્યાસુપર ઓવરમાં રાજસ્થાને પ્રથમ બેટિંગ કરી. ટીમે 5 બોલમાં 11 રન બનાવ્યા અને બંને વિકેટ ગુમાવી દીધી. દિલ્હી તરફથી મિચેલ સ્ટાર્કે પ્રથમ ઓવર ફેંકી. રિયાન પરાગ અને યશસ્વી જયસવાલ રન આઉટ થયા. શિમરોન હેટમાયરે 6 રન બનાવ્યા.11:22 PM16 એપ્રિલ 2025સ્ટાર્કે 9 રન ડિફેન્ડ કર્યા20મી ઓવરમાં રાજસ્થાનને જીતવા માટે 9 રનની જરૂર હતી. મિચેલ સ્ટાર્કે આ ઓવરમાં ધ્રુવ જુરેલ અને શિમરોન હેટમાયર સામે માત્ર 8 રન આપ્યા.



છેલ્લી બોલ પર 2 રન જોઈતા હતા, જુરેલ રન પૂરો કરી શક્યો નહીં અને રન આઉટ થયો.દિલ્હીએ 5 વિકેટ ગુમાવીને 188 રન બનાવ્યા. જવાબમાં રાજસ્થાનની ટીમ 4 વિકેટ ગુમાવીને 188 રન જ બનાવી શકી. યશસ્વી જયસવાલ અને નીતિશ રાણા બંનેએ ફિફ્ટી ફટકારી.11:04 PM16 એપ્રિલ 2025નીતિશ રાણા ફિફ્ટી ફટકારીને આઉટ17મી ઓવરમાં નીતિશ રાણાએ પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી. તેણે ઓવરના છેલ્લા બોલ પર મોહિત શર્મા સામે ચોગ્ગો ફટકાર્યો અને 26 બોલમાં હાફ સેન્ચુરી પૂરી કરી. નીતિશ 18મી ઓવરમાં આઉટ પણ થયો. તેને મિચેલ સ્ટાર્કે ઓવરના ચોથા બોલ પર LBW આઉટ કર્યો. રાણાએ 51 રન બનાવ્યા.10:38 PM16 એપ્રિલ 2025યશસ્વી 51 રન બનાવીને આઉટરજસ્થાને 14મી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી. કુલદીપ યાદવે ઓવરનો બીજો બોલ ગુડ લેન્થ પર ફેંક્યો. યશસ્વી જયસવાલ આગળ નીકળીને મોટો શોટ રમવા ગયો, પરંતુ લોંગ ઓન પર કેચ આઉટ થયો. યશસ્વીએ 51 રન બનાવ્યા.10:33 PM16 એપ્રિલ 2025જયસ્વાલની ફિફ્ટીયશસ્વી જયસવાલે 12મી ઓવરમાં ફિફ્ટી ફટકારી. તેણે ઓવરના પાંચમા બોલ પર મોહિત શર્મા સામે સિંગલ લીધો અને 34 બોલમાં પોતાની હાફ સેન્ચુરી પૂરી કરી લીધી.10:18 PM16 એપ્રિલ 2025પરાગ 8 રન બનાવીને આઉટરાજસ્થાને નવમી ઓવરમાં પ્રથમ વિકેટ ગુમાવી. અક્ષર પટેલે ઓવરનો પહેલો બોલ ગુડ લેન્થ પર ફેંક્યો, પરાગ બોલને સમજી શક્યો નહીં અને બોલ્ડ થયો. તેણે 11 બોલમાં 8 રન બનાવ્યા.10:03 PM16 એપ્રિલ 2025ઈજાગ્રસ્ત સેમસન રિટાયર્ડ હર્ટ થઈને બહાર ગયોરાજસ્થાનનો કેપ્ટન સંજુ સેમસન પાવરપ્લેની છેલ્લી ઓવરમાં રિટાયર્ડ હર્ટ થઈને પેવેલિયન ચાલ્યો ગયો. તેને કમરમાં દુખાવો અનુભવાતો હતો. તેની જગ્યાએ રિયાન પરાગ બેટિંગ કરવા આવ્યો. ટીમે 6 ઓવરમાં કોઈ નુકસાન વગર 66 રન બનાવ્યા.10:00 PM16 એપ્રિલ 2025રોયલ્સની ફિફ્ટી પૂરીરાજસ્થાન રોયલ્સે પાંચમી ઓવરમાં ફિફ્ટી પૂરી કરી લીધી.

# ગંભીરની કમેન્ટ લીક થયા બાદ મોટી કાર્યવાહી:BGTમાં હાર બાદ BCCIએ ત્રણ કોચિંગ સ્ટાફને બહારનો રસ્તો બતાવ્યો




બોર્ડર ગાવસ્કર ટ્રોફી (BGT)માં ટીમ ઈન્ડિયાની 1-3થી હાર અને ડ્રેસિંગ રૂમની વાતો લીક થયા બાદ BCCIએ ત્રણ કોચિંગ સ્ટાફ સભ્યોને હટાવી દીધા છે. સહાયક કોચ અભિષેક નાયર ઉપરાંત, તેમાં ફિલ્ડિંગ કોચ ટી દિલીપ અને ટ્રેનર સોહમ દેસાઈનો સમાવેશ થાય છે. જોકે, બીસીસીઆઈ દ્વારા તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નાયરના સ્થાને કોઈની નિમણૂક કરવામાં આવશે નહીં કારણ કે સિતાંશુ કોટક પહેલાથી જ ટીમ ઈન્ડિયા સાથે બેટિંગ કોચ તરીકે જોડાયેલા છે. દિલીપનું કામ સહાયક કોચ રાયન ટેન ડોશેટ દ્વારા જોવામાં આવશે.એડ્રિયન લી રુ ટ્રેનર સોહમ દેસાઈનું સ્થાન લેશે ટ્રેનર સોહમ દેસાઈનું સ્થાન એડ્રિયન લી રુ લેશે, જે હાલમાં IPLમાં પંજાબ કિંગ્સ સાથે સંકળાયેલા છે. તે 2008થી 2019 સુધી KKR ટીમ સાથે પણ હતા. તેમણે 2002થી 2003 સુધી ટીમ ઈન્ડિયા સાથે પણ કામ કર્યું હતું. તેમણે BCCI સાથે કરાર કર્યો છે.દિલીપ અને સોહમ ત્રણ વર્ષથી વધુ સમયથી ભારતીય ટીમ સાથે હતા. જ્યારે, અભિષેક નાયર માત્ર 8 મહિના પહેલા જ ટીમમાં જોડાયો હતો.ટીમ ઈન્ડિયાના સહાયક કોચ અભિષેક નાયર અને ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર.ટીમ ઈન્ડિયાના સહાયક કોચ અભિષેક નાયર અને ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર.B G T દરમિયાન ડ્રેસિંગ રૂમમાં ગંભીરે જે કહ્યું તે લીક થયું BGT દરમિયાન, મેલબોર્ન ટેસ્ટમાં હાર બાદ, ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ખેલાડીઓના પ્રદર્શન પર નારાજગી વ્યક્ત કરી હતી. ડ્રેસિંગ રૂમમાં પાછા ફર્યા પછી તરત જ, તેણે આખી ટીમને કહ્યું કે હવે બહુ થયું. ગંભીરે ખેલાડીઓના ખોટા શોટ પસંદગી પર પણ નારાજગી વ્યક્ત કરી. કોઈનું નામ લીધા વિના, તેમણે કહ્યું કે જે ખેલાડીઓ કુદરતી રમત રમવાનું બહાનું બનાવે છે તેમણે પરિસ્થિતિ અનુસાર રમવું પડશે.ગંભીરનું આ નિવેદન લીક થઈ ગયું હતું. ત્યાર બાદ ગંભીરે કહ્યું હતું કે ખેલાડીઓ અને કોચ વચ્ચેની વાતચીત ફક્ત ડ્રેસિંગ રૂમ સુધી મર્યાદિત હોવી જોઈએ. તે બહાર ન આવવું જોઈએ. ગંભીરે ડ્રેસિંગ રૂમમાં તણાવના અહેવાલોને પણ નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે આ ફક્ત અહેવાલો છે અને તેમાં કોઈ સત્ય નથી.BGT: ભારતે પહેલી ટેસ્ટ જીતી, એક ડ્રો રહી અને ત્રણ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ ભારત બોર્ડર ગાવસ્કર શ્રેણી 3-1થી હારી ગયું. આ શ્રેણીની પહેલી મેચ પર્થમાં રમાઈ હતી. ભારતે આ મેચ 295 રનથી જીતી લીધી. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયન ટીમે વાપસી કરી અને એડિલેડમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ભારતને 10 વિકેટથી હરાવ્યું. જ્યારે બ્રિસ્બેનમાં રમાયેલી ત્રીજી મેચ ડ્રો રહી હતી. મેલબોર્નમાં રમાયેલી ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 184 રનથી હરાવ્યું.

# હાર્દિકે ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી; હેડ ટુ હેડમાં MI આગળ




ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025ની 33મી મેચમાં આજે મુંબઈ ઈન્ડિયન્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે છે. આ મેચ મુંબઈના હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ રહી છે. જેમાં મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી છે. બન્ને ટીમે પોતાની પ્લેઈંગ-11માં કોઈ જ ફેરફાર કર્યો નથી.હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપ હેઠળની MIએ 6માંથી 2 મેચ જીતીને 4 પોઈન્ટ છે. તો પેટ કમિન્સની આગેવાની હેઠળની સનરાઈઝર્સ હૈદરાબાદના પણ 6માંથી 2 મેચ જીતીને 4 પોઈન્ટ છે. બંને ટીમ તેમની છેલ્લી મેચ જીતીને લયમાં પરત ફરી છે.લાઈવ અપડેટ્સ14 મિનિટ પેહલાબન્ને ટીમની પ્લેઈંગ-11મુંબઈ ઈન્ડિયન્સ (MI): હાર્દિક પંડ્યા (કેપ્ટન), રાયન રિકેલ્ટન, વિલ જેક્સ, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, નમન ધીર, મિચેલ સેન્ટનર, દીપક ચહર, ટ્રેન્ટ બોલ્ટ, જસપ્રીત બુમરાહ અને કર્ણ શર્મા.સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH): પેટ કમિન્સ (કેપ્ટન), ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, ઈશાન કિશન, નીતીશ કુમાર રેડ્ડી, હેનરિક ક્લાસેન, અનિકેત વર્મા, ઈશાન મલિંગા, ઝીશાન અંસારી, મોહમ્મદ શમી અને હર્ષલ પટેલ.18 મિનિટ પેહલામુંબઈએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરીમુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે.24 મિનિટ પેહલાહેડ ટુ હેડમાં મુંબઈ આગળહૈદરાબાદ અને મુંબઈ વચ્ચે IPL માં અત્યાર સુધી 23 મુકાબલા રમાયા છે. 13માં મુંબઈ અને 10માં હૈદરાબાદને જીત મળી છે. MI અને SRH વચ્ચે વાનખેડેમાં અત્યાર સુધી કુલ 8 મેચ રમાઈ છે. 6માં મુંબઈ અને 2માં હૈદરાબાદ જીત્યું છે.24 મિનિટ પેહલાસૂર્યકુમાર MI નો ટૉપ સ્કોરરમુંબઈ ઈન્ડિયન્સનો બેટર સૂર્યકુમાર યાદવ અત્યાર સુધી ટીમનો ટૉપ સ્કોરર છે. સૂર્યકુમારે 6 કુલ 239 રન બનાવ્યા છે. જ્યારે, બોલિંગ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મુંબઈ માટે સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે.

## દેશ - વિદેશ

# ભારતે કહ્યું- પાકિસ્તાને PoK ખાલી કરવું પડશે:પાકિસ્તાન આર્મી ચીફની ટૂ-નેશન થિયરી પર કહ્યું- 'બાંગ્લાદેશ બનતાં જ આ થિયરી ફેલ થઈ'

ભારતે પાકિસ્તાનના આર્મી ચીફના કાશ્મીર અને ટૂ નેશન થિયરી અંગેના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે કહ્યું હતું કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. એનો પાકિસ્તાન સાથે એકમાત્ર સંબંધ એ છે કે તેણે ગેરકાયદે રીતે કબજે કરેલા વિસ્તાર PoK (પાકિસ્તાન કબજે કરેલું કાશ્મીર)ને ખાલી કરવું પડશે.મુનીરે કાશ્મીરને 'ગળાની નસ' ગણાવ્યું હતું. આ અંગે જયસ્વાલે કહ્યું હતું કે કોઈ વિદેશી બાબતને આની સાથે કોઈ લેવા-દેવા નથી. જમ્મુ-કાશ્મીર ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ છે.જયસ્વાલે ટૂ નેશન થિયરી અંગેના નિવેદનને જૂનું અને વિભાજનકારી ગણાવ્યું. તેમણે કહ્યું હતું કે આ નિવેદન 1971માં બાંગ્લાદેશની આઝાદી પછી જ રદ થઈ ગયું હતું, જ્યારે ટૂ નેશન થિયરી નિષ્ફળ થઈ ગઈ હતી.જનરલ મુનીરે કહ્યું- અમારી વિચારસરણી હિન્દુઓથી અલગ પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે કહ્યું હતું કે પાકિસ્તાનનો પાયો કલમા (ઈસ્લામનો મૂળ સિદ્ધાંત) પર નાખવામાં આવ્યો હતો. અમે દરેક બાબતમાં હિન્દુઓથી અલગ છીએ. અમારો ધર્મ અલગ છે, અમારા રીતરિવાજો અલગ છે. અમારી સંસ્કૃતિ અને વિચારસરણી અલગ છે. આ દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંતનો પાયો હતો.દેશની રાજધાની ઈસ્લામાબાદમાં પ્રથમ ઓવરસીઝ પાકિસ્તાની કોન્ફરન્સમાં જનરલ મુનીરે આ વાત કહી. આ પરિષદમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સહિત ઘણા ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. જનરલ મુનીરે કહ્યું- તમારે તમારાં બાળકોને પાકિસ્તાનની કહાની કહેવી જ જોઈએ.આપણા પૂર્વજો માનતા હતા કે આપણે હિન્દુઓથી અલગ છીએ. આપણા વિચારો, આપણી મહત્ત્વાકાંક્ષાઓ અલગ છે. એટલા માટે આપણે એક દેશ નહીં, પણ બે દેશ છીએ. આપણા પૂર્વજોએ આ દેશ માટે બલિદાન આપ્યું છે.



આપણે જાણીએ છીએ કે તેનું રક્ષણ કેવી રીતે કરવું.જનરલ મુનીરે કહ્યું હતું કે આજ સુધી ફક્ત બે રજવાડાંનો પાયો કલમ પર નખાયો હતો. પ્રથમ રિયાસત-એ-તૈયબા, કારણ કે તૈયબાનું નામ આપણા પયગંબર (મોહમ્મદ સાહેબ) દ્વારા રાખવામાં આવ્યું હતું. આજે એને મદીના કહેવામાં આવે છે. જ્યારે 1300 વર્ષ પછી અલ્લાહે બીજું રાજ્ય- પાકિસ્તાન બનાવ્યું.પહેલાં કહેવામાં આવ્યું હતું કે- ભારત આપણા નાગરિકોને મારી રહ્યું છે પાકિસ્તાનના આર્મી ચીફે ગયા વર્ષે કહ્યું હતું કે ભારત આપણી ધરતી પર આતંકવાદ વધારી રહ્યું છે. તેઓ આપણા દેશમાં ઘૂસી રહ્યા છે અને પાકિસ્તાની નાગરિકોને મારી રહ્યા છે. ભારત તરફથી આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન એક આદત બની રહ્યું છે.હવે ઘણા દેશો આના વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. અમે અમારા નાગરિકોની સુરક્ષા માટે તેમનાં કાવતરાંને નિષ્ફળ બનાવતા રહીશું. જો કોઈ દેશ આપણી પ્રાદેશિક અખંડિતતા પર હુમલો કરશે અથવા એનું ઉલ્લંઘન કરશે તો સેના સંપૂર્ણ તાકાતથી જવાબ આપશે.બાંગ્લાદેશ સાથે સરખામણી કરતાં જનરલ મુનીર ગુસ્સે થયાગયા વર્ષે ઈમરાન ખાનની મુક્તિ માટે પાકિસ્તાનમાં પ્રદર્શનો થયાં હતાં. આ પ્રદર્શનોની સરખામણી બાંગ્લાદેશમાં થયેલા બળવા દરમિયાનની પરિસ્થિતિ સાથે કરવામાં આવી રહી હતી. આનાથી આર્મી ચીફ મુનીર ગુસ્સે ભરાયા.તેમણે કહ્યું હતું કે દેશમાં કટોકટી ઊભી કરવી એ 'સૌથી મોટો ગુનો' છે. સેના આવા કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવશે અને દેશનું રક્ષણ કરશે.મુનીરે કહ્યું હતું કે 'અલ્લાહની કસમ' જો કોઈ પાકિસ્તાનમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરશે તો અમે તેની સામે લડીશું. તેમણે ખાતરી આપી કે અલ્લાહની દયાથી પાકિસ્તાની સેના અશાંતિ અને અરાજકતાનો અંત લાવવામાં સફળ થશે.

# કોર્ટે અનામત આપવાનો ઇનકાર કર્યો; કહ્યું- સ્ત્રી તે, જે જન્મથી ફિમેલ છે



બ્રિટનમાં હવે ટ્રાન્સજેન્ડર્સને મહિલા ગણવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે બુધવારે મહિલા હોવાની કાનૂની પરિભાષા પર પોતાનો ચુકાદો આપ્યો. કોર્ટે કહ્યું કે જે વ્યક્તિ જન્મથી સ્ત્રી હોય, એટલે કે બાયોલોજીકલ સ્ત્રી હોય, તેને જ સ્ત્રી ગણવામાં આવશે.કોર્ટના આ નિર્ણયની ટ્રાન્સજેન્ડર અધિકારો પર લાંબા ગાળાની અસર પડશે. સમાનતા અધિનિયમ 2010ની પરિભાષા કરતા, કોર્ટે સમજાવ્યું કે સ્ત્રી અને લિંગ શબ્દો બાયોલોજીકલ સ્ત્રી અને બાયોલોજીકલ જેન્ડરનો સંદર્ભ આપે છે. પાંચ ન્યાયાધીશોની બેન્ચે સર્વાનુમતે આ નિર્ણય આપ્યો.બેન્ચમાં રહેલા ન્યાયાધીશ પેટ્રિક હોજે કહ્યું કે આ કાયદો ટ્રાન્સજેન્ડર લોકોને તેમના જેન્ડરના આધારે ભેદભાવથી રક્ષણ આપે છે.લંડન, યુકેમાં પાર્લામેન્ટ સ્ક્વેર ખાતે મહિલા અધિકાર જૂથના સમર્થનમાં મહિલાઓ ઉભી છે.લંડન, યુકેમાં પાર્લામેન્ટ સ્ક્વેર ખાતે મહિલા અધિકાર જૂથના સમર્થનમાં મહિલાઓ ઉભી છે.બ્રિટિશ કોર્ટના નિર્ણય માટે મહિલાઓએ કોર્ટની બહાર ઉજવણી કરી.બ્રિટિશ કોર્ટના નિર્ણય માટે મહિલાઓએ કોર્ટની બહાર ઉજવણી કરી.સ્ત્રી હોવા પર ચર્ચા કેમ શરૂ થઈ?2018માં સ્કોટિશ સરકારે જાહેર સંસ્થાઓમાં 50% મહિલા પ્રતિનિધિત્વ ફરજિયાત કરતો કાયદો રજૂ કર્યો. આ કાયદામાં, ટ્રાન્સજેન્ડર મહિલાઓ (જેમની પાસે લિંગ ઓળખ પ્રમાણપત્ર અથવા GRC છે)ને પણ 'મહિલા' ગણવામાં આવે છે.ફોર વુમન સ્કોટલેન્ડ નામના જૂથે આ બિલનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ કાયદો 'સ્ત્રી'ની પરિભાષાને અન્યાયી રીતે બદલી નાખે છે.2022માં સ્કોટિશ કોર્ટમાં કેસ હાર્યા બાદ, તે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો.કોર્ટનો નિર્ણય શું છે?પાંચ ન્યાયાધીશોએ સર્વાનુમતે કહ્યું કે, સમાનતા કાયદામાં 'સ્ત્રી' અને 'સેક્સ'નો અર્થ જન્મથી સ્ત્રી અને કુદરતી સેક્સ છે. ટ્રાન્સજેન્ડર મહિલાઓ, ભલે તેમની પાસે GRC હોય, પણ કાયદેસર રીતે 'મહિલાઓ'ની શ્રેણીમાં આવતી નથી. કોર્ટે કહ્યું કે જો ટ્રાન્સજેન્ડરોને સામેલ કરવામાં આવે તો કાયદો અવ્યવહારુ બની જશે.આ નિર્ણયની શું અસર થશે?ટ્રાન્સજેન્ડર મહિલાઓને હવે મહિલાઓના શૌચાલય, ચેન્જિંગ રૂમ, હોસ્પિટલના વોર્ડ, જેલ અથવા બળાત્કાર કાઉન્સેલિંગ સેન્ટર જેવા સ્થળોએથી બાકાત રાખી શકાય છે. અગાઉ, ટ્રાન્સજેન્ડરો મહિલા શૌચાલય અથવા ચેન્જિંગ રૂમનો ઉપયોગ કરી શકતા હતા. હવે તેઓએ તેનો ઉપયોગ કરવા માટે માન્ય કારણ આપવું પડશે.ટ્રાન્સજેન્ડરો મહિલા રમતોમાંથી બહાર રહેશેટ્રાન્સજેન્ડર્સને મહિલા રમતોમાંથી બાકાત રાખી શકાય છે.

# ઈલે.બસ દિલ્હીની કંપનીની, કરાર વિશ્વમ સાથે થયો : ડ્રાઈવરો સ્થાનિકેથી પૂરા પડાયા




રાજકોટમાં અકસ્માતે નહીં પણ ગુનાહિત બેદરકારીના કારણે ઈન્દિરા સર્કલ ખાતે ઈલે.સિટી બસના ચાલકે ચાર ચાર નિર્દોષને કચડી નાંખી કમકમાટીભર્યા મોત નીપજાવ્યા અને ચારને ઈજા પહોંચાડી તે ઘટનામાં મનપાના સિટી બસ સંચાલનની પોલંપોલ પણ બહાર આવી છે. આ અંગે મનપામાં તપાસ કરતા પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ મહાપાલિકાએ ગ્રીન એનર્જી,ઝીરો એમીસનના નામ પર કેન્દ્ર સરકારના નિયમો અનુસાર ઈલેક્ટ્રીક બસોનો કોન્ટ્રાક્ટ 2017માં શરૂ થયેલ મેન્યુફેક્ચરર 'પીએમઆઈ ઈલેક્ટ્રો મોબિલિટી સોલ્યુશન્સ પ્રા.લિ.' નામની કંપનીને આપ્યો હતો. દરેક રૂા.સવા કરોડની ગણાવાતી આ બસ ચલાવવા પ્રતિ કિ.મી. રૂા. 53.91 લેખે કરોડો રૂા.નું ચૂકવણું થતું હતું પરંતુ, બસ ચલાવનાર ડ્રાઈવરો રાજકોટના ભાજપના કાર્યકર મનાતા વિક્રમ ડાંગર દ્વારા પૂરા પડાયાનું બહાર આવ્યું છે. મનપા સૂત્રો અનુસાર પીએમઆઈ કંપની દિલ્હીની છે અને તેણે બસો પૂરી પાડી છે, રાજકોટમાં આ કંપનીની 74 સિટી બસો તેમજ તેની સાથે જોડાયેલ અન્ય કંપનીની ૪૦ ઈલેક્ટ્રીક બસો સિટી બસ તરીકે ચાલે છે. મનપાની રાજકોટ રાજપથ લિ.એ તા.8-7-2022 ના રૂા. 300ના સ્ટેમ્પપેપર ઉપર 'વિશ્વમ્ સિટી બસ ઓપરેશન્સ પ્રા.લિ.' સાથે કર્યો હતો. અધિકારીઓએ સ્વીકાર્યું કે આ કંપની દ્વારા સિટી બસ સંચાલનમાં વારંવાર અનિયમિતતાઓ બદલ લાખો-કરોડો રૂા.ની તોતિંગ પેનલ્ટી કરવામાં આવી છે.

કંપનીના કન્સલટન્ટ તરીકે કરતારસિંહ નામની વ્યક્તિને રોકાયા છે પરંતુ, ડ્રાઈવરો પૂરા પાડનાર તરીકે રાજકોટના વિક્રમ ડાંગર છે. આ વ્યક્તિ ભાજપના નેતા હોવાની ચર્ચા વહેતી થતા આ અંગે શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ જણાવ્યું કે તેમની પાસે હાલ કોઈ હોદ્દો નથી. ગંભીર વાત એ છે કે સિટી બસ સંચાલન માટે મનપાએ જેની સાથે કરાર કર્યો તેના સંચાલનમાં અનેકવાર અનિયમિતતાઓ છતાં મનપાના કમિશનર અને શાસકોએ હજુ સુધી ટેન્ડર-કરાર રદ કરવા કાર્યવાહી કરી નથી.આજે અકસ્માત સર્જનાર ડ્રાઈવર પાસે વેલીડ લાયસન્સ નહીં હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત અકસ્માતના સીસીટીવી ફૂટેજ જોતા કોઈ વાહન વચ્ચે આવી જતા નહીં પરંતુ, આગળ પસાર થતા વાહનચાલકો પર રીતસર બસને ચડાવી દેવાઈ છે.આ ડ્રાઈવરોનું સિવિલ હોસ્પિટલમાં ફીટનેસ સર્ટિફિકેટ લેવાનો નિયમ ઘડાયો છે પરંતુ, તે પણ કાગળ પર રહ્યો છે. ઉપરાંત ડ્રાઈવરોને નિયમિત તાલીમ અપાતી નથી અને આવું અનેક લોલંલોલ ચાલતું હોવા છતાં મનપા ઉપરથી આદેશ મૂજબ બસો ખરીદીને અને એજન્સીને ઉંચા ભાવે કોન્ટ્રાક્ટ આપીને જવાબદારી પૂરી થયાનું માની છટકવાનો પ્રયાસ દર અકસ્માત વખતે કરતી રહી છે.

# ભગવતીપરામાં રસ્તો પોળો કરવા મકાન સહિત 59 દુકાનો પર બુલડોઝર ફર્યું

**જૂદા-જૂદા વિસ્તારમાં આવેલ મકાનો, કમ્પાઉન્ડ વોલ તોડી પડાઈ**



મ્યુ.કમિશનર તુષાર સુમેરાની સુચનાથી સીટી ઈજનેર શ્રી વાસ્તવના માર્ગદર્શન હેઠળ આજરોજ વોર્ડ નં 4માં આવેલ ભગવતીપરાનો મેઈન રોડ હાલ 12 મીટર એટલે કે 30 થી 40 ફૂટ પહોળો છે. તેને 18 મીટર એટલે કે 60 ફૂટનો પહોળો કરવ માટે નડતરરૂપ રહેલી 44 દુકાન તથા 15 મકાન તથા કમ્પાઉન્ડ વોલ અને પ્લીન્થનું દબાણ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ દબાણ દૂર કરવાની કમગીરી હાથ ધરવામાં આવતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.મહાનગરપાલિકાની ઈસ્ટઝોન કચેરીમાં આવેલ વોર્ડ નં 4માં ભગવતી 18 મીટર ટીપી રોડ ઉપર મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દબાણો થઈ ગયા હતા. જેના કારણે રસ્તો પહોળો ન હોવાના કારણે સવારના સમયે બપોરના સમયે અને સાંજના સમયે ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. અને આ રસ્તો પહોળો કરવો ખુબજ જરૂરી હોય આજે સવારે ટાઉન પ્લાનિંગ શાખા અને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઉપરોક્ત વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો ઉપર બુલડોઝર ફેરવી દઈ અને રસ્તો પહોળો કરવામાં આવ્યો હતો.કોર્પોરેશન દ્વારા વોર્ડ નં.4 ટીપી સ્કીમ નં.31 ભગવતી પરા ટીપી રોડ ઉપર જૂદી-જૂદી જગ્યાએ 44 નાની મોટી દુકાનો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આવી જ રીતે જૂદા-જૂદા વિસ્તારમાં 15 જેટલા કાચા પાકા મકાનો અને કંપાઉન્ડ વોલ તથા પ્લીન્ટનું દબાણ દૂર કરી કુલ 700.28 ચો.મી જમીન ખુલ્લી કરાવી રસ્તો પહોળો કરવામાં આવ્યો હતો.આ દબાણ દુર કરવાની કામગીરી ટાઉન પ્લાનિંગ શાખા, રોશની શાખા, દબાણ હટાઉ શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, ફાયરબ્રિગેડ અને ઈમરજન્સી વિભાગ સહિતના તમામ વિભાગો સાથે રહ્યા હતા. આ ડિમોલીશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો.

# મોરબી નજીક ખાનગી સ્કૂલના સ્વિમિંગ પુલમાં ધો. 10ના વિદ્યાર્થીનું એકાએક રહસ્યમય મોત



મોરબી નજીક ખાનગી સ્કૂલનાં સ્વિમીંગ પુલમાં ગઈકાલે ધો. 10નાં વિદ્યાર્થીનું એકાએક રહસ્યમય મોત નીપજ્યાની ઘટનાએ ચકચાર જગાવી છે. બપોરના સમયે બાળકો સ્વિમીંગ કરતા હતા ત્યારે જ બનાવ બન્યો હતો. જેમાં એકાએક જ વિદ્યાર્થી તરતા-તરતા અટકી જઈને બેશુધ્ધ બની જતો હોવાનાં સીસીટીવી ફૂટેજ મળ્યા છે. જેથી વિદ્યાર્થી કોઈની બેદરકારીથી ડૂબ્યો કે હાર્ટએટેક જેવું કંઈ થયું એ બાબત જાણવા માટે પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ કરાવવા સહિતની તપાસનો ધમધમાટ ચાલુ કરવામાં આવ્યો છે. વિગત પ્રમાણે, મોરબીના વીરપર નજીક આવેલી ન્યુ એરા ગ્લોબલ સ્કૂલમાં ગઈકાલે મંગળવારે બપોરે દુઃખદ બનાવ બન્યો હતો. જ્યાં શાળાના સ્વિમીંગ પુલમાં વિદ્યાર્થીઓ સ્વિમીંગ કરતા હતા ત્યારે મૂળ સોરઠનો પ્રીત ગીરીશભાઈ ફળદુ (ઉ.વ.૧૬) નામના વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. બનાવને પગલે મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. ટંકારા પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરીને તપાસ હાથ ધરી છે. આ મામલે પોલીસ સુત્રોએ જણાવ્યું કે, મૃતક બાળક પ્રીત ફળદુનો પરિવાર જુનાગઢ જિલ્લાનો વતની હોવાથી પીએમ સહિતની કાર્યવાહી પતાવ્યા બાદ પરિવારજનો કેશોદ તાલુકાના શાપર ગામ લઈ ગયા હતા. જ્યાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ ઘટના સમયે હાજર શિક્ષકો-વિદ્યાર્થીઓનાં નિવેદન નોંધવાની પ્રક્રિયા ચાલુ છે. મૃતક બાળકનાં પરિવારજનો અને સ્કૂલના સંચાલકોના પણ નિવેદન લેવામાં આવશે. હાલ સ્વિમીંગ પુલમાં બનેલી ઘટનાનાં સીસીટીવી ફૂટેજ પણ મળ્યા છે, જે કબજે લઈને નિરીક્ષણ કરવા સાથે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગંભીર ઘટના મામલે ન્યુ એરા ગ્લોબલ સ્કૂલના સંચાલક હાદકભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, મૃતક પ્રીત ફળદુ ધોરણ 10 માં અભ્યાસ કરતો હતો, જે બપોરે અન્ય વિદ્યાર્થી મિત્રો સાથે સ્વિમીંગ પુલમાં સ્વિમીંગ કરતો હતો. અગાઉ 1-2 રાઉન્ડ લગાવી ચુક્યો હતો અને અચાનક જ ઉભો રહી જાય છે અને પડી જાય છે તેવું પ્રથમ દ્રષ્ટીએ સીસીટીવી જોતા નજરે પડે છે. જેથી હાજર કોચ અને વિદ્યાર્થીઓએ બહાર કાઢી પ્રાથમિક સીપીઆર આપ્યું હતું, પરંતુ નાક અને મોઢામાંથી લોહી નીકળતું હતું. જેથી 108 એમ્બ્યૂલન્સને ફોન કર્યો હતો, પરંતુ તેને આવવામાં મોડું થતા શાળાની કારમાં હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં બાળકનું મોત થયું હતું. આ અંગેના સીસીટીવી ફૂટેજ પોલીસને આપી દીધા છે, જેને આધારે તપાસ ચલાવી રહી છે.

# જામનગર રોડ સાંઢીયાપુલની 36% કામગીરી પૂર્ણ

**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ પર હયાત સાંઢિયા પૂલને ડીસમેન્ટલ કરી નવા ફલાયઓવર બ્રિજ બનાવવાનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કામ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.74.32 કરોડના ખર્ચે એજન્સી ખત. ચેતન કધસ્ટ્રકશન કંપનીને તા.14-03-2025થી સોંપવામાં આવેલ છે. આ કામગીરીની સમયમર્યાદા બે વર્ષ છે. આ કામે અંદાજિત એક વર્ષમાં 45% ફીઝીકલ પ્રોગ્રેસ તથા 36% ફાઈનાન્સિયલ પ્રોગ્રેસ થયેલ છે. જામનગર રોડ ખાતે બની રહેલ નવા ફલાયઓવર બ્રિજના કામમાં કુલ-20 પૈકી 18 ફૂટીંગનું આર.સી.સી. કામ, કુલ-40 પૈકી 30 પિયરનું આર.સી.સી. કામ, કુલ-20 પૈકી 12 પિયર કેપ તથા કુલ-120 પૈકી 101 ગડરનું આર.સી.સી. કામ પૂર્ણ થયેલ છે.રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ શાખાધિકારીઓની રીવ્યુ મીટિંગમાં આ કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીને સુચના આપી હતી.**

# ઈન્દિરા સર્કલ સિગ્નલોના હવાલે : પોલીસ કોઈ નેતા માટે જ આવે છે



રાજકોટમાં આજે જ્યાં સિટી બસે અતિ દર્દનાક અકસ્માત સર્જીને ચાર નિર્દોષ જિંદગીનો અંત આણ્યો છે અને ચારને હોસ્પિટલે પહોચાડયા છે તે ઈન્દિરા સર્કલે કાયમી અકસ્માતનું જોખમ રહે છે અને આ વાત ત્યાંથી પસાર થતા નાગરિકોને દેખાય છે પરંતુ, પોલીસને દેખાતી ન હોય તેમ પોલીસની ત્યાં હાજરી હોતી નથી. આ સ્થળે કોઈ ગુનો બન્યો હોય ત્યારે અથવા તો મુખ્યમંત્રી જેવા કોઈ વીવીઆઈપી આવે ત્યારે પોલીસ નજરે પડે છે, લોકો માટે જાણે પોલીસ સ્ટાફ જ નથી. માત્ર દંડનો ટાર્ગેટ પૂરો કરવાથીઅકસ્માતનું જોખમ ઘટવાનું નથી. આઈવે પ્રોજેક્ટ પછી જ્યાં ટ્રાફિક જામ થાય ત્યાં ફાયરબ્રિગેડની જેમ મિનિટોમાં પોલીસે પહોંચવું જોઈએ પણ તેમ થતું નથી.આજે અકસ્માત પછી પણ ત્યાં ચિક્કાર ટ્રાફિક જામ સર્જાયો હતો. સમસ્યા (જે મનપા-પોલીસના કમાન્ડ સેન્ટરમાં સીસીટીવીમાં જોઈ શકાશે) એ છે કે ઈન્દિરા સર્કલનો વ્યાસ ઘણો મોટો છે, માત્ર 30 સેકન્ડ માટે સાઈડ ખુલે ત્યારે બધ થતી સાઈડના વાહનો પસાર ન થયા હોય ત્યાં ૧૨૦ સે. થોભેલા વાહનો ધસારો કરે છે. તેમાં પોલીસની ગેરહાજરી હોય સિગ્નલનો ભંગ થાય છે.

કોટેચાચોકમાં પાંચ રસ્તા ભેગા થાય છે અને રોજ ટ્રાફિક જામ સર્જાય છે તો પોલીસે ડિવાઈડર કોઈ રોડ સામે,સ્વામિ.મંદિર સામે ખોલવાને બદલે ચોક પાસે ખોલતા અકસ્માતનું જોખમ વધે છે. મનપાના વાંકે અહીં રોડ ક્રોસ કરવા ફૂટ ઓવરબ્રિજ નથી તેથી રાહદારીઓ જીવના જોખમે રસ્તો ઓળંગે છે.

# કલ્યાણપુરના ભોપલકા ગામની સીમમાં જૂના મનદુ:ખમાં વૃધ્ધ ખેડૂતની હત્યા

કલ્યાણપુર તાલુકાના ભોપલકા ગામે ગતરાત્રે જીરૂનો પાક બાળી નાખ્યાની શંકાથી ચાલતા મનદુઃખમાં 60 વર્ષીય વૃધ્ધ ખેડૂતને ધોકા જેવા બોથડ પદાર્થ ફટકારીને ઘાતકી હત્યા થયાનો બનાવ સામે આવ્યો છે. જે સંદર્ભે પોલીસે બે મહિલાઓ સહિત કુલ આઠ લોકો સામે ગુનો નોંધી, હત્યારાઓની શોધખોળ હાથ ધરી છે. આ ચકચારી બનાવની વિગત મુજબ કલ્યાણપુરથી આશરે 20 કિમી દૂર ભોપલકા ગામે રહેતા દેવરામ વાલાભાઈ સોનગરા નામના આશરે 60 વર્ષના વૃધ્ધને ગતરાત્રે લાકડા જેવા બોથડ પદાર્થના બેફામ ઘા મારતાં લોહી લુહાણ હાલતમાં કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના પુત્ર દામાભાઈ દેવરામભાઈ સોનગરા (ઉ.વ. 38, રહે. ભાટીયા, તા. કલ્યાણપુર) એ ભોપલકા ગામના રમેશ દામજીભાઈ રાઠોડ, સામુબેન રમેશ રાઠોડ, જયસુખ ટપુભાઈ રાઠોડ, રમીલાબેન જયસુખભાઈ રાઠોડ, ટપુ મનજીભાઈ રાઠોડ, દામા મનજીભાઈ રાઠોડ, દેવશી મનજીભાઈ રાઠોડ અને મુકેશ દામાભાઈ રાઠોડ સામે કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદમાં જણાવાયા મુજબ મૃતક દેવરામભાઈ સોનગરાએ છેલ્લા બે વર્ષથી તેમના સંબંધી એવા રણમલ જેઠાભાઈ રાઠોડની ખેતીની જમીન ભાગમાં વાવેતર માટે રાખી હતી, જેમાં બે મહિના પહેલા જીરૂનો પાક બળી ગયો હતો. આ પ્રકરણમાં રમેશભાઈના કુટુંબી ટપુ મનજી રાઠોડ, દામા મનજી, દેવસી મનજી અને મુકેશ દામા પર દવા છાંટી, લીલા જીરૂનો પાક બાળી નાખ્યો હોવાની શંકા કરાતાં બે મહિનાથી મનદુઃખ ચાલ્યું આવતું હતું. જે મુદ્દે અગાઉ પણ બોલાચાલી થઈ હતી. આ પ્રકરણ બાદ ગઈકાલે રાત્રિના આશરે 10 થી 11 વાગ્યાના સમયગાળા વચ્ચે ભોપલકા ગામે જે ખેતરમાં તેઓ વાવેતર કરે છે, તેના શેઢે આરોપીઓ લાકડાના ધોકા વડે દેવરામભાઈ પર તૂટી પડયા હતા અને હત્યા નિપજાવી હતી. આ બનાવ અંગેની જાણ થતાં સ્થાનિક પી.એસ.આઈ. યુ.બી. અખેડ તેમજ દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડની ટીમ તાકીદે ઘટના સ્થળે દોડી ગઈ હતી.

આ પ્રકરણમાં મૃતકના પુત્ર દામાભાઈની ફરિયાદ પરથી બે મહિલાઓ સહિત તમામ આઠ શખ્સો સામે કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધવામાં આવી છે. ત્યારે હત્યારાઓને ઝડપી લેવા કલ્યાણપુર પોલીસ સાથે એલસીબી અને એસઓજીની ટીમ પણ જોડાઈ છે.

# ઈન્દીરા સર્કલ દૂર્ઘટના બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરોનો હલ્લાબોલ : સીટીબસ સંચાલકને બ્લેકલીસ્ટ કરો : કમિશનરને આવેદન પાઠવ્યું





મહાનગરપાલિકા સંચાલિત સીટીબસની વ્યવસ્થા પૂરતી ન હોવાની અવાર નવાર શહેર કોંગ્રેસ દ્વવારા રજૂઆતો કરવા છતાં પણ તંત્ર દ્વારા આખ આડા કાન કરવામાં આવતા હોય, ગઈકાલે ઈન્દીરા સર્કલ પાસે જે ઘટના બની તેમાં ચાર વ્યક્તિના મોત નિપજ્યા છે. જ્યારે ત્રણ વ્યક્તિને ઈજા થઈ છે ત્યરે નિયમ મુજબ પેટા કોન્ટ્રાક્ટ આપી ન શકાય તેમ છતાં આપવામા આવેલ છે.

જેમાં ભાજપના પૂર્વ મહામંત્રી વિક્રમ ડાંગર અને મહાનગરપાલિકાના પૂર્વ અધિકારી જસ્મીન રાઠોડ સંચાલન કરતા હોય તો આ તમામ સામે નિયમ મુજબ ગુનો દાખલ કરી કોન્ટ્રાક્ટરની ડિપોઝિટ જપ્ત કરી અને મૃતકના પરિવારજનોને 50 લાખ અને ઈજાગ્રસ્તના પરિવારોને 5-5 લાખ ચૂકવવા ઉગ્ર માગણી કરી હતી. તેમજ કોર્પોરેશન દ્વારા સીટીબસનું સંચાલન કરવામાં આવે અથવાતો એસટી નિગમને સીટી બસનું સંચાલન કરવા માટે સરકારની મંજૂરી લઈ અને સોંપવા ઉગ્ર રજૂઆતો કરી હતી.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, વશરામ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટી, મહેશ રાજપુત, હેમાંગ વસાવડા, રણજીત મુંધવા સહિતના વિશાળ કાર્યકરો કોર્પોરેશન કચેરીએ એકત્ર થયા હતા.

જ્યાં સૂત્રોચ્ચાર કરી અને મ્યુ.કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં જણાવ્યા પ્રમાણે ગઈકાલે ઈન્દીરા સર્કલ પાસે જે ઘટના બની તે ડ્રાઈવરના લાયસન્સની મુદ્દત તા.17-2-25ના રોજ પૂર્ણ થઈ હોવા છતાં પણ સીટી બસનું ડ્રાઈવીંગ પોતે કરતો હતો તો આ બાબતે કોર્પોરેશનના અધિકારીની બેદરકારી ફલિત થતી હોય તો તેની સામે ગુનો દાખલ કરી અને સસ્પેન્ડ કરવાની માંગણી કરી હતી. અને સીટી બસોનું સંચાલન કરતી દિલ્હીની કંપનીને બ્લેક લીસ્ટ કરી મહાનગરપાલિકા પોતે જ સંચાલન કરે અને મહાનગરપાલિકા સંચાલન કરવા અસમર્થ હોય તો ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જે અગાઉ બે દાયકા પહેલા વ્યવસ્થીત સીટી બસનું સંચાલન કરતી હતી તો સરકારમાંથી મંજૂરી લઈ અને સીટી બસનું સંચલાન કરવા માટે મંજૂરી લેવી જોઈએ.આમ આદમી પર્ટીના અધ્યક્ષ દિનેશ જોશીની આગેવાની હેઠળ મ્યુ.કમિ.ને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં જણાવ્યા પ્રમાને સીટી બસને લગતી કામગીરીના કોન્ટ્રાક્ટમાં અવાર નવાર સંચાલન અને નિભાવણીની બાબત વિવાદાસ્પદ ભરેલી છે.

અને ડ્રાઈવરો બેફિકરાઈથી બસ ચલાવી ચાલુ ડ્રાઈવીંગમાં મોબાઈલમાં વાતો કરવી, વીડિયો જોવા જેવી તેમજ કેફી દ્રવ્યોનું સંચાલન કરી બેફામ ડ્રાઈવિંગના ઘણા કિસ્સાઓ પણ સામે આવ્યા છે.

મ્યુ. કમિશનરને પાઠવેલ આવેદન પત્રમાં જણાવ્યા પ્રમાને હાલ મોંઘવારીના કપરાકાળમાં મૃતકોના પરિવારોને ફક્ત 15 લાખની સહાથ કરી છે. તે પૂરતી નથી તેને બદલે 50 લાખની સહાય કરવી જોઈએ અને ઈજાગ્રસ્તોને 2 લાખને બદલે 5 લાખની સહાથ ચૂકવવામાં આવે તેવી ઉગ્ર રજૂઆતો કરી હતી. મ્યુ. કમિશનર તુષાર સુમેરાએ શહેર કોંગ્રેસના આગેવનોને એવી ખાતરી આપી હતી કે, કોર્પોરેશન દ્વારા આ બાબતે તપાસ કરી અને જરૂરી કડક પગલાં લેશે તેમ જણાવ્યું હતું.મેયર-મ્યુ.કમિશનર સામે મનુષ્યવધનો ગુનો નોંધાવો જોઈએશહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જશવંતસિંહ ભટ્ટીએ મ્યુ.કમિશનરને એમ જણાવ્યું હતું કે, ગઈકાલે ઈન્દીરા સર્કલ ખાતે જે દૂર્ઘટના બની છે. તેમાં સીટી બસના સંચાલક જેટલા જવાબદાર છે. તેટલા જ જવાબદાર શહેરના મેયર અને મ્યુ.કમી.પણ જવાબદાર હોય, મનુષ્યવધનો ગુનો નોંધાવો જોઈએ તેવી રજૂઆત કરી હતી.સીટી બસની એજન્સીને બ્લેકલીસ્ટ કરવા માગણીશહેરમાં સીટી બસનું સંચાલન કરતી એજન્સી અવાર નવાર વિવાદમાં આવે છે. અને અગાઉ પણ આ બાબતે શહેર કોંગ્રેસ દ્વારા આ પ્રશ્ને રજૂઆતો પણ કરવામાં આવી છે.

તેમ છતાં પણ ગઈકાલે ઈન્દીરા સર્કલ ખાતે જે ગોઝારી દૂર્ઘટના બની છે. તેમાં સીટી બસનું સંચાલન કરતી એજન્સી પણ તેટલી જ જવાબદાર હોય તાત્કાલીક અસરથી બ્લેક લીસ્ટ કરવા માંગણી કરી હતી.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**